કુમાર

સંસ્થાપક · રવિશંકર રાવળ ★ વર્ષ ૨૨ મું · અંક ૭ મો · જુલાઈ ૧૯૪૫

સળંગ અંક
૨૫૯



'યમલ' (ફોટો–રતિલાલ ગામી) આ માસની ફોટોગ્રાફી હરીફાઇમાં બીજું ઈનામ જીતનાર ચિત્ર

આજનાં ઘરઘરનું અગ્રણી માસિક



યક્ષનો મેઘને અર્ઘ્ય

ચિત્રકાર · રવિશંકર રાવળ

સ્વામીસેવા વિસરી, મહિમાભ્રષ્ટ કો યક્ષ,
કાન્તાવિરહે વિષમ, ગુરુના વર્ષનો પામી શાપ,
સીતાસ્નાને પુનિત જળના, મીઠડી છાયવાળા
રામાદ્રિમાં વિચરી વસિયો, આશ્રમોમાં રૂપાળા.

એ અદ્રિમાં પ્રિયવિરહી તે કામીએ કૈંક માસ
કાઢ્યા કષ્ટે, કનકનું કડું તે સર્યું ક્ષીણ હાથે,
ત્યાં આષાઢી પ્રથમ દિવસે શૃંગભેટ્યો સુરમ્ય
આંજુ ક્રીડાગજ રમતા હસ્તિ શો મેઘ દીઠો.

દેખી વ્યોમે ઘન, પ્રિયતમાને ધૃતિ આપવાને
સંદેશામાં કુશળ ખબરો કહાવવા મેઘ સાથે,
તાજાં ખીલ્યાં ગિરિકુસુમથી માનસી અર્ઘ્ય આપી
પ્રીતિભીનાં વચનથી દીધો મેઘને આવકાર

(મેઘદૂત)



પ્રકાશન તા. ૧૫-૭-૧૯૪૫

લેખકોને

કાગળ-કરકસર-કાનૂનને કારણે લેખો અત્યંત ટૂંકા અને મુદ્દાસર હોય એ જરૂરી છે; તેમજ પોતાના લેખ માટે ઉત્તર કે અસ્વીકૃત લેખ પાછો મેળવવા ઈચ્છા હોય તો લેખ સાથે પોસ્ટેજ મોકલવું પણ આવશ્યક છે. તે વિના ઉત્તર આપવાનું બની શકશે નહિ.

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી મુદ્રક અને પ્રકાશક : બચુભાઈ પોપટભાઈ રાવત, કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર અમદાવાદ. વાર્ષિક લવાજમ રૂા. ૬; પરદેશમાં શિ. ૧૨; છુટક દસ આના. બહારગામમાં લવાજમ ભરવાનાં સ્થળ : મુંબાઇમાં (૧) આર. આર. શેઠની કં. (૨) એન એમ. ત્રિપાઠી લિમિટેડ તથા (૩) રાવળ બ્રધર્સ, પ્રિન્સેસ સ્ટ્રીટ. વડોદરામાં પુસ્તકાલય સહાયક સહકારી મંડળ લિ. રાવપુરા; કલકત્તામાં એલ. કે. મેઘાણી, ૧૪ અમરતલા સ્ટ્રીટ; કરાચીમાં ભારત ભંડાર, પ્રિન્સેસ સ્ટ્રીટ.

જાહેર ખબરના સોલ એજન્ટ : મેસર્સ સાયન્ટિફિક પબ્લિસિટિ બ્યૂરો, મહેતા બિલ્ડિંગ, મેડોઝ સ્ટ્રીટ, મુંબાઇ–૧; અમદાવાદમાં મૉડેલ ટૉકીઝ સામે, ગાંધીરોડ.

દેશદેશે ને યુગેયુગે પ્રવર્તી રહેલા છત્રીઓના વિવિધ પ્રકારો ને ઉપયોગો



વરસાદ અને તાપથી રક્ષણ કરવા આપણા ઘરઘરના ને રોજિંદા સાધન રૂપ છત્રીનો ઇતિહાસ યુગોજૂનો છે. દેશદેશે તેણે અવનવાં રૂપો ધારણ કર્યાં છે, એટલું જ નહિ પણ તેના ઉપયોગો પણ નાનાવિધ થયા છે. સત્તા અને વૈભવની નિશાની તરીકે ધરાતાં રાજછત્રો, દેવછત્રો અને પૂજાવિધિઓ ઉપરાંત પ્રેતયાત્રાઓમાં પણ (સિયામમાં) તેને સ્થાન છે. તેની ઉત્પત્તિ પૂર્વના દેશોમાં જ થઈ, અને હિંદમાં તે હજારો વર્ષ થયાં વપરાતી આવી છે એ તો પુરાણો અને પ્રાચીન શિલ્પો કહે છે. એ જ રીતે આસીરિયા ને ઇજિપ્તના પ્રાચીન અવશેષોમાં પણ તે મળી આવે છે. પછી ધીમેધીમે તે વપરાશના સામાન્ય સાધન તરીકે ગ્રીસ, રોમ અને પશ્ચિમનાં દેશોમાં પ્રસરી, અને ઇંગ્લંડમાં તો છેક ઈ. ૧૭૫૦માં જૉનાસ હૅન્વે નામના માણસે તે દાખલ કરી. પરદેશોમાં તો શરૂઆતમાં તે સર્વ દેશોમાં પદાધિકારના ચિહ્ન તરીકે જ વપરાતી. હિંદમાં પણ તે રોજિંદા વપરાશની વસ્તુ તરીકે વપરાવા માંડી તે પહેલાં મોટે ભાગે રાજાઓ અને લક્ષ્મીનંદનોને માથે જ ધરાતી; ઉપરાંત ધાર્મિક વિધિઓમાં તેનું સ્થાન હતું. આજે પણ દક્ષિણમાં સુબ્રહ્મણ્યનાં મંદિરોના રથયાત્રા જેવા ધાર્મિક પ્રસંગોમાં દેવનો છત્રધારક ભારે મોટું છત્ર લઈને નૃત્ય કરે છે. બંગાળના સંથાલ લોકો નવવસંતના ઉત્સવ વખતે એક મોટા દેવછત્રને પૂજાઅર્ચા કરી તેની આસપાસ નૃત્ય કરે છે. ઉપરના ચિત્રમાં દેશદેશના ને યુગયુગના છત્રીઓના પ્રકાર આપ્યા છે.

કુમાર
વર્ષ ૨૨મું · અંક ૭મો
જુલાઈ · ઈ. સ. ૧૯૪૫

કોક તો જાગે!

આપણામાંથી કોક તો જાગે—
કોક તો જાગે!

હાય! જમાને ઢેઢફજેતી ર્હીચતાં ર્હીચી,
ઘેનસમંદર ઘૂઘવે
એનાં ઘોર ઊંડાણો કોક તો તાગે:
આપણામાંથી કોક તો જાગે!

હાય! જમાને ઝેરને પીધાં, વેરને પીધાં,
આધીનનાં અંઘેરને પીધાં,
કૈંક કડાયાં કેરનાં પીધાં;
આજ જમાનો અંતરાશે એક ઘૂંટડો માગે-
સાચ-ખમીરનો ઘૂંટડો માગે:
આપણામાંથી કોક તો જાગે!

બાપદાદાની બાંધેલ ડેલી,
એક ફળીબંધ હોય હવેલી,
ગર્ભની ચંત્યા ગોંદરે મેલી
એ . . ય નીરાંતે લીમડા હેઠળ
સૌ સૂતાં હોય એમ કાં લાગે?
આપણામાંથી કોક તો જાગે!


સોડ તાણી સૌ આપણે સૂતાં,
આપ-ઓશિકે આપણાં જૂતાં,
ઘોર અંધારાં આભથી ચૂતાં,
ઘોર અંધારી રાત જેવી
ઘનઘોર તવારીખ સોરવા લાગે:
આપણામાંથી કોક તો જાગે!

આમથી આવે કોડ કોલાહલ,
તેમથી વ્હેતાં લોહી છલોછલ,
તો ય ઊભાં જે માનવી મોસલ—
આપરખાં વગડાઉ ને એવાં
ધ્યાનબ્હેરાંનાં લમણામાં મર લાઠિયું વાગે:
આપણામાંથી કોક તો જાગે!

એક દી એવી સાંજ પડી'તી,
લોક-કલેજે ઝાંઝ ચડી'તી,
શબ જેવી વચમાં જ પડી'તી,
એ જ ગુલામી—એ જ ગોઝારી
મૂરછા છાંડી ઝહેરવા માગે:
આપણામાંથી કોક તો જાગે!

કોઈ શું જાગે?
કોઇ જાગે કે કોઇ ના જાગે
તું જ જાગ્યો તો તું જ જા આગે—
કોઈ શું જાગે?

વેણીભાઈ પુરોહિત



ઘન વરસે

• મલ્હાર •

ઘન વરસે, વરસે ઘેરી દિગંત,
જલ વરસે અનરાધાર;
ધરતી આંગણ શું મહેરામણ
છલકયા અપરંપાર—જલ૦

શ્યામ તમાલ અરણ્યે આજે
મદોન્મત્ત ઝંઝાનિલ ગાજે;
રોષ-ભર્યો એ ભરે ફાળ,
દોડે કરાલ,
તરુ કંપે, તૂટે ડાળડાળ
કરે કાનન હાહાકાર—જલ૦

વિદ્યુત નર્તતી શિખરે શિખરે,
ઉછળે એ ઘનઘોર અંબરે.
વાગે મઘવા કેરી ત્રાડ,
તૂટે પહાડ, ભાંગે કરાડ,
થથરે વ્યાકુલ અંધાર—જલ૦

રણુકે શા ભીષણ ડમરૂરવ!
કોનાં આ પ્રલયંકર તાંડવ?
અટ્ટહાસ્ય ગરજે પ્રચંડ,
ધ્વસ્ત ત્રસ્ત ધરણીને આરે
ધૂર્જટિ કેરો પ્રલયશંખ
બાજે દુર્દમ, દુર્વાર—જલ૦

જાગે શાં ઘમસાણ આ મને,
અંતર મુજ ધસતું વને વને;
જલધારાથી લેતું તાન,
એ ઢૂંઢી રૂહેતું નભવિતાન,
જાગે તુફાન;
ઝણુણે ઉરના તાર,
મલ્હારે લઈ મીંડ પ્રાણની
વીણા કરે ઝંકાર—જલ૦

— નાથાલાલ દવે —

છંછેડાએલા રૂઢિચુસ્ત સમાજનાં અપમાનો, ધમકીઓ અને નવીન યુગના ક્રાન્તિકર વિચારો વડે મહારાષ્ટ્રને

ઓગણીસમી સદીની ત્રીજી પચ્ચીસી ભરતખંડ માટે મહત્ત્વપૂર્ણ નીવડી છે. એ પચ્ચીસીએ અનેક નાના-મોટા ક્રાંતિકારી પ્રસંગો ને પુરુષો ઉત્પન્ન કર્યા છે. એકલા ગુજરાતમાં જ નહિ, મહારાષ્ટ્ર, બંગાળ, મદ્રાસ, ઉત્તર હિંદ આદિ સર્વ પ્રાંતોમાં—લગભગ સમસ્ત દેશમાં એ કાળે પ્રતિભાવાન પુરુષો પાક્યા છે. એ પચ્ચીસીએ જે નવો પંથ પાડ્યો તેનો પ્રવાહ જ નિરાળો હતો,-કોઇનો રોક્યો રોકાય એવો ન હતો. સામર્થ્યપૂર્વક પોતાનો માર્ગ કરી લઇ, સંપર્કમાં આવનારને સાથે ઘસડી જનારો એ ધસમસતો ધોધ હતો.

આજથી બરોબર પચાસ વરસ ઉપર, ૧૮૯૫ના જૂનની ૧૭મી તારીખે અવસાન પામેલા, મહારાષ્ટ્રના પ્રખર ને અગ્રિમ સુધારક, વિશદ ને વિદ્વાન વિચારક, અને નિશ્ચલ ને સત્યનિષ્ઠ દેશસેવક ગોપાળ ગણેશ આગરકર એ જ પચ્ચીસીના પહેલા દશકામાં જન્મ્યા હતા. એમનું સમગ્ર જીવન સમાજસુધારણાના બીજારોપણમાં જ વીત્યું. કપરી ગરીબીનો હાથાતોડ સામનો કરી એ ભણ્યા, સુખી જીવનનાં સ્વપ્નાંને ઠોકરે મારી માત્ર જીવનનિર્વાહ પૂરતી રોટીરોટી મેળવીને દેશકાર્ય કરવાનો નવો ચીલો પાડ્યો, અને શિક્ષણ પત્રકારત્વ તથા સમાજસુધારણાના ક્ષેત્રમાં નિર્ભય ને સત્યનિષ્ઠ કર્તવ્ય બજાવતાં બજાવતાં ૩૯ વર્ષની ટૂંકી અવધે એમણે વિદાય લીધી. પણ આયુષ્યનાં છેલ્લાં પંદર વર્ષના પોતાના એ જીવનકાર્યમાં સામાજિક પ્રગતિને માટે જે નિર્ભીકતાથી એમણે પોતાના વિચાર મહારાષ્ટ્રને સંભળાવ્યા તેને લીધે, આજે 'સુધારકાગ્રણી તો એ એકજ' એવું બિરુદ એમને મળ્યું છે.

મહારાષ્ટ્રના સતારા જિલ્લામાં, કરાડ નજીક ટેંભુ નામના ગામડામાં ગોપાળરાવનો જન્મ થએલો. એમના પ્રપિતામહ બચ્ચાજી પંત તો શ્રીમંત હતા, પણ કુટુંબની લક્ષ્મી એવી તો ઘસાતી ગઈ કે એમના પિતા ગણેશ પંત (ગણુઅપ્પા) અત્યંત કંગાલ દશામાં આવી પડેલા. પરંતુ કુલીન, સંસ્કારી ને ત્રેવડવાળી એમની માતા સરસ્વતીબાઇએ ગરીબ ને નિરુદ્યમી ગણુઅપ્પાનું ઘર શોભાવ્યું. ત્રણ બહેનો ને બે ભાઇઓનાં પાંચ ભાંડુમાં સૌથી નાનો ગોપાળ નાનપણથી જ તેજસ્વી ને મસ્તીખોર હતો. ઈશ્વરે લગભગ દરેક ગામને નાની મોટી નદીની બક્ષિસ આપી હોય છે. આપણા શૈશવમાં એ જ્ઞાનગંગાઓ કેવાં પરાક્રમો પ્રકટાવે છે! ગોપાળરાવે પણ નાનપણમાં કૃષ્ણા નદીનાં પાણી ડખોળી શરીરને કસ્યું હતું.

એમના ગામ ટેંભૂમાં શાળા ન હોવાથી નજીકના આંબેળી ગામમાં એમના મામા દત્તો પંતને ત્યાં રહી એમણે પ્રાથમિક શિક્ષણ પૂરું કર્યું અને કરાડની મિડલ સ્કૂલમાં ત્રીજી અંગ્રેજી સુધી પહોંચ્યા. વયના પ્રમાણમાં એમની મેધા વધારે આગળ દોડતી હતી. નિબંધો લખવામાં એ એટલા તેજસ્વી હતા કે કરાડના મામલતદારે એને જ્યારે હસી કાઢીને કહેલું કે તમે તો કોઇની પાસે નિબંધો લખાવી લાવો છો ત્યારે આ આક્ષેપ સામે એણે મોંતોડ પડકાર ફેંક્યો કે હમણાં ને હમણાં કહો તે વિષય ઉપર નિબંધ લખવા તૈયાર છું.

એની નિર્ધનાવસ્થા અંગ્રેજી ત્રીજા ધોરણથી હવે એને આગળ વધવા દે તેમ નહોતી, એટલે કમને એને મામલતદારની કચેરીમાં પાંચદસ રૂપિયાના પગારે ઉમેદવારી કરવી પડી. પણ આયુષ્યના ઊગતા પહોરમાં જ ઘેરાએલાં આ વાદળને અસહાય બની સ્વીકારી લેવા ગોપાળરાવનો આત્મા તૈયાર ન હતો. ક્યાંયથી જો પ્રકાશ મળે તો ગમે તે ભોગે તેના તરફ પાંખો ફફડાવવાની તેના હૃદયમાં ઉત્કંઠા જાગી હતી. તેણે નજર દોડાવી. દૂરદૂર રત્નાગિરિમાં તેના કાકા રહેતા હતા. તેર વર્ષના કિશોરે તેમાં ઊજળું ભાવિ વાંચ્યું. કદાચ કાકાને ત્યાં જવાથી જ્ઞાનસંપાદનનાં બીડાએલાં બારણાં ખુલી પણ જાય! પણ રત્નાગિરિ હતું દોઢસો માઈલ દૂર; અને ત્યારે કોઇ રેલવે તો નહોતી. છતાં જ્ઞાન મેળવવાની ઉત્કટ ઈચ્છાએ તે દોઢસો માઈલ દૂર કાકાને ઘેર પહોંચ્યા. ગરીબ ઘરના છોકરાને સારો આવકાર તો ક્યાંથી મળે? ત્યાં જઇને ભોંઠા પડ્યા છતાં યે હિંમત એકઠી કરી એ ત્યાં રહ્યા. કાકાનું ઘરકામ કરે અને ભણે. પણ અભ્યાસના કરતાં કાકાના ઘરનું કામ વધી જતું હતું, એટલે નિરુપાયે તેને પાછું કરાડ આવવું પડ્યું. વિશેષ અભ્યાસની સર્વ આશાઓ આમ વેડફાઈ જતાં પેટિયું કમાવા એક દવાખાનામાં કંપાઉંડરીનો અખતરો કરી જોયો, પણ એક શબ પર થતી શસ્ત્રક્રિયાને એ ન જોઈ શક્યા. ધ્રૂજતા અંગે એ બહાર નાઠા ને ફરી વાર આગળ વધવાનો એ કામચલાઉ ટેકો પણ તેણે ગુમાવ્યો.

પણ જેના હૃદયમાં એક વાર કોઈ કાર્ય માટે સાચી લગન સળગી ઊઠે છે તેને માટે ઇશ્વરને યે ચિંતા થાય છે. ગોપાળરાવના બીજા મોટા મામા સદાશિવરાવ આ વખતે વરાડમાં આવેલા આકોલા ગામે સરકારી નોકરી મળતાં સ્થિર થયા. તેમની ઘરવખરી લઈ જવાનું કામ ગોપાળને સોંપાયું. ખૂબ જ ખુશ થઈ એ તૈયાર થયા ને મામાના સામાન સાથે પોતાનાં પાટી દફતર પણ તેણે ઉપાડ્યાં. આકોલામાં મામાને ત્યાં રહી તેણે ભણવાનું આગળ વધાર્યું.

'ઈષ્ટ હોય તે બોલનાર ને શક્ય હોય તે કરનાર' ગોપાળરાવ અભ્યાસમાં કુશાગ્ર બુદ્ધિના હતા. સંસ્કૃત કાવ્ય ને નાટકનો એને વિશેષ શોખ હતો, ને ઇતિહાસ એનો પ્રિય વિષય હતો. વ્યાકરણ પર મનથી કંટાળો હતો, છતાં એની આવશ્યકતા ભાષાશોધન ગૌરવાર્થ છે, એટલે એમણે એ વિષયને સરલ બનાવવા 'વાક્ય-મીમાંસા' નામે પુસ્તક લખ્યુ તૈયાર ટિપ્પણીઓ પર આધાર ન રાખતા પોતાના અભ્યાસની નોંધો તે પોતે જ તૈયાર કરતા. આમ, ૧૮૭૫માં તેમણે પ્રવેશ પરીક્ષા(એન્ટ્રસ-મૅટ્રિક) પસાર કરી.

પણ જીવનમાં આગળ અને આગળ વિકાસ માટે અજંપો લઈ આવેલા આગરકરનો મુફલિસી કેડો મૂકે એ કેમ બને? કૉલેજનાં બારણાં આડી એ આવી ઊભી. સગાં સંબંધીઓએ સંતોષ માની ક્યાંક કામે વળગી જવાની સલાહ આપી. આગરકરને એ વાતો નાકબૂલ હતી. દુસ્તરોને યે તરવાની હામ તેના હૃદયમાં ભરી હતી. તેની તેજસ્વી અભ્યાસનિષ્ઠા જોઈ તેના શિક્ષકોએ સાઠ રૂપિયાનું ઉઘરાણું કરી આપ્યું 'વરાડ સમાચાર'ના તંત્રીએ મહિને પાંચ રૂપિયાનું તેના લખાણ માટે મહેનતાણું આપવાનું ઠરાવ્યું, ને આમ કરી દક્ખણ કૉલેજમાં આગરકર દાખલ થયા. શિષ્યવૃત્તિઓ તો એકે ય તેની પાસેથી છટકી શકતી નહિ, પણ એટલાથી પૂરું ન થતાં કૉલેજનાં સંમેલનો ને વક્તૃત્વની હરીફાઇઓમાં ઈનામો જીતી તે અભ્યાસ ચાલુ રાખતા. છતાં ગરીબાઈની ભીડ એવી હતી કે ઓછા નિશ્ચયબળવાળાને તો પછાડ ખવડાવી દે. કેટલાક મહિના તો તેને એક જ પહેરણે કાઢવા પડ્યા હતા. પહેલા વર્ષની પરીક્ષા આપવા માટે ગજવામાં પ્રવેશ ફીનાં દોઢિયાં ન હોવાથી એક નાટક લખી કમાઈ લેવાનો તેણે નિર્ણય કર્યો, પણ એવામાં તેના ગુરુ પ્રો૦ છત્રેને ખબર પડતા તેમણે ગોપાળરાવને મદદ પહોંચાડી દીધી.

હાલાકીઓ સામે પણ અણનમ રહીને નિર્ભીક ઉગ્રતાથી ઢંઢોળી જગાડી જનાર પ્રખર અને અગ્રિમ સુધારક

ગોપાળ ગણેશ આગરકર

ગરીબાઈ સામે લડીને અભ્યાસ ચાલુ રાખવાની આ કાળજાતૂટ મહેનતે ગોપાળરાવના સુદૃઢ શરીરને તોડી નાખ્યું અને ધીરેધીરે તે માયકાંગલા બનવા લાગ્યા; પણ સરસ્વતીના ઉપાસનાના અનુરાગમાં તે એટલા એકતાન બની ગયા હતા કે શરીર ઉપરના આ પરિણામ પ્રત્યે તે અંધ-બેપરવા બની ગયા. અંતે, આમ મુશ્કેલીઓને ઓળંગતા તે ૧૮૭૮માં બાવીસમે વર્ષે બી.એ. થયા ને પછીને વર્ષે એ જ કૉલેજમાં અધ્યેતા-ફેલો-નીમાયા. આ વખતે લોકમાન્ય ટિળક એ જ કૉલેજના છાત્રાલયમાં રહીને એલએલ.બી.ના અભ્યાસ કરતા હતા. બંને વચ્ચે એ ગાળામાં ગાઢ દોસ્તી જાગી ને એ જોડીએ ભવિષ્યમાં મહારાષ્ટ્રને—અને તે દ્વારા હિંદને નવીન ભાવનાનાં તેજસ્વી પાણી પાયાં.

૧૮૮૦માં ગોપાળરાવ એમ. એ. થયા. દારિદ્રય સાથે ઝગડીઝગડીને બાળપણનું સ્વપ્ન આમ પૂરું કર્યા પછી એમણે શું કર્યું હશે? તડકામાં સતત ચાલ્યા પછી માણસ છાયાની ઇચ્છા કરે એ સ્વાભાવિક છે. ગોપાળરાવ ઈચ્છત તો એ વેળા તો ઘણા મોટા પગારવાળી ઊંચા અધિકારની નોકરી અને સમાજમાં પ્રતિષ્ઠા મેળવી શકત. પણ જ્ઞાન-ઉપાર્જનની પોતાની તમન્નાને ગરીબી સામે કેવી રીતે લડવું પડ્યું હતું તે યાદ કરીને, પોતાનું જીવન એ શિક્ષણ, સમાજ અને દેશસેવામાં જ ધરી દેવાનો નિશ્ચય એમણે કરી લીધો હતો. એટલે એમ.એ. થતાંવેંત એમણે માતાને લખી દીધું કે 'ભણીગણીને દીકરો હવે તાલેવાન થશે એવી આશા ન રાખશો. મેં તો પેટપૂરતા પૈસા જ રળીને દેશસેવા કરવાનો નિરધાર કર્યો છે.' આમ, જીવનભર જે ગરીબી સામે એમણે યુદ્ધ કર્યું એ ગરીબીનો નાશ કરવાનું ટાણું પોતાના હાથમાં આવ્યું તે પળે જ એમણે પાછી તેને આવકારી લીધી,—દેશના બીજાઓને એ ગરીબી ન પીડે તે માટે. પોતાના અભ્યાસકાળ દરમિયાન સમાજનાં અનિષ્ટોનો પણ તેમને અનુભવ થયો હતો. જ્ઞાનપ્રસાર કરવાથી જ તે દૂર કરી શકાય એ જીવનધ્યેય--મિશન તેમને લાધી ગયું હતું. તેની સામે જાતહિતનો સોનારંગ્યો ખ્યાલ તેમને હવે ચળાવી શકે તેમ ન હતો. એટલે, જ્યારે વિષ્ણુશાસ્ત્રી ચિપળૂણકરે એ જ ભાવનાથી પ્રેરાઇને, 'ન્યૂ ઇંગ્લિશ સ્કૂલ' (મહારાષ્ટ્રના જીવનમાં તેજસ્વી તબક્કો આંકી જનારી પેલી ખ્યાતનામા શાળા) સ્થાપી ત્યારે ગોપાળરાવે એ સંસ્થામાં ત્રીસ રૂપિયાની માસ્તરગીરી સ્વીકારી!

દેશને માટેની ધગશભરી લાગણીથી પ્રેરાઇને આવી રીતે સાર્વજનિક સેવાનો નવો જ સ્વાશ્રયી સંપ્રદાય સ્થાપન કરવાનું પ્રથમ માન મહારાષ્ટ્રમાં આગરકરને વરે છે. તે પહેલાં સાર્વજનિક સેવા કાં તો સરકારી નોકરો, પેન્શનરો કે વકીલો દ્વારા યથાશક્ય થયા કરતી. રાનડે, ભાંડારકર, તેલંગ, લોકહિતવાદી (ગોપાળ હરિ દેશમુખ), તેમજ સાર્વજનિક કાકા (ગણેશ વાસુદેવ જોશી) અને વિષ્ણુશાસ્ત્રી ચિપળૂણકર સુદ્ધાં આ બીજા વર્ગના હતા. પણ દેશસેવાને એક જરૂરી સેવાક્ષેત્ર ગણીને, તેમાંથી માત્ર નિર્વાહપૂરતું અતિ અલ્પમહેનતાણું લઇ, આયુષ્યભર તેને વરી, બદ્ધચિત્ત થઇ કામ કરવાની નવી પ્રથા આગરકરે જ શરૂ કરી. તેમની બરોબરીમાં મૂકી શકાય એવું બીજું નામ માત્ર ટિળકનું જ. (અનુસંધાન આગળ પૃ. ૧૫૬મે)



(ચિત્રઃ 'કિર્લોસ્કર')

ગરીબાઇને ન ગણકારતાં, અનેક અંતરાયોને પાર કરી—ઘણીવાર તો એક પહેરણભર રહી જેણે એમ.એ.ની પરીક્ષા પસાર કરી; ... મોટા પગાર ને સામાજિક પ્રતિષ્ઠા આપનારી નોકરીની લૌકિક આશાનો ભોગ આપી માત્ર નિર્વાહ પૂરતું અલ્પ મહેનતાણું લઇ આયુષ્યભરને માટે સામાજિક સેવાનો નવો જ સંપ્રદાય સ્થાપવામાં પહેલ કરી;...જનતાને તેની અવદશાનું ભાન કરાવવા 'કેસરી' ને 'સુધારક' જેવાં પત્રો સ્થાપી નિર્ભય, નિષ્પક્ષ તથા તેજીલી કલમ વડે પ્રજાને ધ્રુણધ્રુણાવીને જાગૃત કરી; ... જડબેસલાક રૂઢિચુસ્તતાના એ કાળે અસ્પૃશ્યતા-નિવારણ ને વિધવાપુનર્લગ્ન જેવા પ્રશ્નોની હિમાયત કરતાં મારની ધમકીઓ ને અપમાનો સામે પણ સામાજિક સુધારાના કંટકભર્યા માર્ગ ઉપર નિર્ભીકપણે આગેકૂચ કરી; ... અને જેણે સિદ્ધાંતને ખાતર ટિળક જેવા સમર્થ મિત્રનો યે સાથ છોડી પોતાના મંતવ્યને માર્ગે દૃઢપણે ધ્રુપે રાખ્યું, એ ધ્યેયનિષ્ઠ સમાજસેવક, વિદ્વાન પત્રકાર, પ્રખર પંડિત અને ભડવીર સુધારક ગોપાળ ગણેશ આગરકરનું સ્થાન મહારાષ્ટ્રના સામાજિક ઇતિહાસમાં અગ્રસ્થાને અંકિત છે.

પ્રથમ પૂજા

મૂળ લેખક : રવીન્દ્રનાથ ઠાકુર

ત્રિલોકેશ્વરનું મંદિર હતું. લોકવાયકા એવી હતી કે અતિ પ્રાચીન કાળમાં વિશ્વકર્માએ જાતે જ એનો પાયો નાખ્યો હતો. હનુમાન પોતે જ તેના પત્થર ઉપાડીને લઇ આવતા.

ઇતિહાસના પંડિતો કહેતા કે એ મંદિર તો ભીલ લોકોએ બાંધેલું, ને એના દેવતા પણ ભીલ જાતિના હતા.

એક વખત કોઇ ક્ષત્રિય રાજાએ ચડાઇ કરી દેશ જીત્યો. દેવળના આંગણામાં પૂજારીનું લોહી રેડાયું દેવતાનો ઉદ્ધાર નવા જ નામે ને નવા જ પૂજાવિધિ વચ્ચે થયો.

હજારો વર્ષોનો પ્રાચીન ભક્તિધારાનો સ્રોત બદલી ગયો. ભીલ આજે અસ્પૃશ્ય બન્યા હતા; એ મંદિરમાં હવે તેમનો પ્રવેશ નાશ પામ્યો હતો. સમાજની બહાર તેઓ રહેતા. નદીને પેલે પાર તેમનો વાસ હતો.

એ ભક્તોને આજે પોતીકું કોઇ મંદિર હતું નહિ; પણ તેમનું ગીત હજુ જીવતું હતું. તેમના હાથ હુનરી હતા ને દૃષ્ટિ નિર્મળ હતી.

પત્થર પર પત્થર કેમ ગોઠવાય, પિત્તળ પર રૂપાનું ફૂલ કેમ મુકાય, એ બધું તેઓ જાણતા. ને કાળા પત્થરની મૂર્તિઓનું ઘડતર તેમને હાથ હતું.

આજે તેઓનું રાજ નથી શસ્ત્રો બધાં ઝુંટવાઇ ગયાં છે. વેશ, વાસ કે વ્યવહારમાં તેમનું માન રહ્યું નથી, અને વિદ્યાની પણ એવી જ વાત છે.

ત્રિલોકેશ્વર મંદિરનું સુવર્ણશિખર આથમણી ક્ષિતિજે દેખાતું હતું. પોતાના મનના શણગાર રૂપ તેઓ તેને લેખતા ને બહુ દૂરથી પ્રણામ કરતા.

૨

કાર્તિકી પૂર્ણિમાએ પૂજાનો ઉત્સવ હતો. મંચપર બેસી, મૃદંગ ને કરતાલની રંગત જામી હતી. મેદાનમાં મંડપો ખેંચાયા હતા. ક્યાંક ક્યાંક ધ્વજપતાકા પણ નજરે પડતી હતી.

રસ્તાની બંને બાજુએ દુકાનદારોના પાટલા હતા. તાંબાનાં વાસણ ને રૂપાના અલંકાર, દેવમૂર્તિનાં ચિત્રો ને રેશમી કાપડ, છોકરાંઓને રમવાનાં લાકડાનાં ને માટીનાં પૂતળાં, પૂજાના સરસામાન ને ફૂલમાળા, ધૂપ ને દીપક, ને તીર્થજળના ભરેલા ઘડા ને ઘડા એ બધું ય હતું.

જાદુગરો તાનમાં આવી જઈ મોટામોટા અવાજે જાદુગરીના ખેલ દેખાડતાહતા' કથાકારરામાયણ સંભળાવતા હતા. ઉજળા પોશાકમાંસશસ્ત્ર થઇને પહેરેગીરો ઘોડે ચડી આમતેમ ફરતા હતાં.

રાજાના અમાત્ય હાથીની અંબાડીએ ચડીજતા હતા. આગળ શરણાઈ વાગતી હતી. કિનખાબ ઢાંકેલી પાલખીઓમાં ધનિકોની સ્ત્રીઓ, ને તેની પાછળ નોકરચાકરો ચાલતા હતા.

પંચવટની છાયામાં સંન્યાસીઓનો અડ્ડો હતો. કોઇ નાગા તો કોઈ જટાધારી, ને કોઈ વળી રાખ ચોળીને બેઠા હતા. સ્ત્રીઓ પગ આગળ ભોગ રાખી જતી હતી: ફળ, દૂધ ને મિષ્ટાન્નના, ઘી ને સૂકવેલા ભાતના.

વચમાવચમાં ગગનભેદી નાદ ઊઠતો હતો: 'જય! ત્રિલોકેશ્વરનો જય!'

કાલે શુભ મુહૂર્તમાં રાજાની પ્રથમ પૂજા આવવાની છે. રાજા પોતે જ રાજહાથી પર બેસીને પધારવાના.

તેના આવવાના રસ્તાની બંને બાજુએ કેળના થાંભલા રોપાઇ ગયા છે, મહીં ફૂલની માળાઓ છે, મંગલ કળશો આમ્રપલ્લવથી ભર્યા છે, અને વારેવારે રસ્તા પર સુવાસિત પાણી છંટાય છે.

૩

શુદ તેરસની રાત હતી.

મંદિરમાં પ્રથમ પહોરના શંખ ઘંટા ભેરી ને નગારાં વાગી ચૂક્યાં હતાં.

આજે ચંદ્ર પર એક મેલું આવરણ છવાઈ ગયું હતું. ચાંદની પણ આજે ઝાંખી થઈ ગઈ હતી. જાણે કોઈ મૂર્છામાં આવી પડી હોય.

પવન પણ બંધ પડી ગયો હતો.

આકાશમાં ધુમાડો જામી ગયો હોય એવું લાગતું હતું. વૃક્ષોનાં પાન પણ કોઈ આશંકામાં સંકોચાઈ ગયાં હતાં.

કૂતરાં વિનાકારણે ભસ્યા કરતાં હતાં.

ઘોડાઓ કાન ખડા કરીને કોઈ અલક્ષ્યની સામે તાકીને હણહણી ઊઠ્યા.

અચાનક ધરતી નીચેથી ભીષણ ગંભીર અવાજ આવ્યો. પાતાળમાંથી જાણે દાનવોએ રણભેરી બજાવી : ધુર્ ધુર્ ધુરર્ ધુરર્...

મંદિરના ઘંટા પ્રબલ નાદે વાગી ઊઠ્યા.



હાથીબાંધ્યા હતાતે સાંકળતોડીને ગર્જના કરતાકરતા ચારે દિશામાં નાસવા લાગ્યા,–જાણે કોઈ વંટોળિયાના મેઘ.

ધરણીમાંથી તોફાન ઊઠતું હતું.

ગાય ને વાછડાં, ભેંસ ને પાડાં ઊંચે શ્વાસે દિશેદિશમાં ભાગી છૂટ્યાં.

હજારો દિશાભૂલ્યા માનવીઓ ચીસો નાખતાની કળી પડ્યા આંખે ઝાંખવળી હતી; એકબીજાના ભેદ ભૂલી જઈ કોઇકોઇને હડસેલા મારી કચરી મૂકતા હતા.

ધરતી ફાટતી હતી ને ધૂમના ગોટા સાથે ગરમ જળ ઉભરાયા કરતું હતું.

અરે, પેલું ભીમસરોવરનું પાણી રેતી નીચે શોષાઈ ગયું!

અરે, ત્યાં મંદિરની ચોટીએ બાંધેલો તોતિંગ ઘંટ આમતેમ ઝૂલતો ઘણુણુણ કરતો વાગવા લાગ્યા,–વાગ્યો ન વાગ્યો ત્યાં અચાનક વળ કરતોકને ભાંગી પડ્યો!

૪

પૃથ્વી જ્યારે શાંત થઇ ત્યારે પૂર્ણ ચંદ્ર આથમણી દિશાએ નમ્યો હતો.

આકાશમાં બળી ગયેલા ચંદરવાઓના ધુમાડાની કુંડલીઓ ઊઠતી હતી, એ જાણે જ્યોત્સ્નાને અજગરે જકડી હોય એવી લાગતી હતી.

બીજે દિવસે દિશાઓ સ્વજનોના વિલાપસ્વરે પુરાઇ ગઇ હતી, ત્યારે રાજસૈનિકોનાં

ટોળાં મંદિરને ઘેરી ઊભાં, કારણકે પાછળથી રખેને અપવિત્રતાનું કારણ આવી પડે.

રાજમંત્રી આવ્યા, રાજ્યજોષી ને સ્માર્ત પંડિત આવ્યા. જોયું તો બહારની દીવાલ જમીનદોસ્ત થઈ ગઈ હતી ને દેવતાની વેદી પર છત ધસી આવી હતી

પંડિતે કહ્યું, 'આવતી પૂર્ણિમા પહેલાં જીર્ણોદ્ધાર થવો જોઈએ, નહિતર દેવતા ક્યાંક મૂર્તિનો ત્યાગ કરશે !'

રાજાએ ફરમાવ્યું, 'જીર્ણોદ્ધાર કરો.'

મંત્રીએ કહ્યું, 'એ પત્થરનું કામ પેલા ભીલો સિવાય કોણ કરશે ? ને એની કલુષિત દૃષ્ટિથી દેવતાને રક્ષવાનો શો ઉપાય છે ? દેવતાનો અંગમહિમા અભડાય તો પછી જીર્ણોદ્ધારનો શો અર્થ છે ?

ભીલ નાયક માધવને રાજાએ બોલાવી મંગાવ્યો. વૃદ્ધ માધવે પોતાના સફેદ કેશ પર નિર્મલ સફેદ વસ્ત્ર વીંટાળેલું અને મેલી ધોતી પહેરેલી. તેનો તામ્રવરણો દેહ કમ્મર લગી ખુલ્લો હતો. તેની બંને આંખો કરુણાભરી નમ્રતાથી ભરપૂર હતી.

સાવધાનીપૂર્વક રાજાના પગ આગળ મૂઠી એક મોગરાનાં ફૂલ ધરી તેણે પ્રણામ કર્યાં, પણ અડકયા વિના.

રાજા બોલ્યા, 'તારા વિના દેવતાનો સંસ્કાર નહિ થાય.'

'એ દેવતાની મારા પર કૃપા, બીજું શું?' કહી માધવે દેવતાને ઉદ્દેશીને હાથ જોડચા.

રાજા નરસિંહરાય બોલ્યા, 'આંખો બંધ કરીને કામ કરવાનું છે, જેથી દેવમૂર્તિ પર દૃષ્ટિ પડે નહિ. કરી શકીશ?'

માધવ કહે, 'અંતરની દૃષ્ટિથી અંતર્યામી કામ કરાવી લેશે. કામ થતાં સુધી આંખ નહિ ખોલું.'

૫

બહાર ભીલનાં ટોળાં સમારકામ કરે છે ને મંદિરની અંદર એકલો માધવ કામ કરે છે. તેની બંને આંખે કાળા પાટા બાંધ્યા છે.

દિવસ ને રાત તે મંદિરમાંથી બહાર ખસતો નથી. ધ્યાન કર્યા કરે છે, ભજન-ગીત ગાય છે ને તેનાં આંગળાં ચાલ્યા કરે છે.

મંત્રી આવીને કહે, 'જલ્દી કરો, જલ્દી કરો. તિથિ પર તિથિ જાય છે ને ક્યારે શુભ મુહૂર્ત આવશે ?'

માધવ હાથ જોડી કહે, 'જેનું કામ છે એને પોતાને જ ઉતાવળ છે. હું તો નિમિત્તમાત્ર છું.'

અમાસ વીતી ને શુક્લપક્ષ આવ્યો.

અંધ માધવ આંગળીઓના સ્પર્શથી પત્થરો જોડે વાત કરતો ને પત્થરો તેને જવાબ દેતા રહેતા. પાસે ચોકીદાર ખડો જ રહેતો,- રખેને માધવ આંખનાં બંધન ખોલી બેસે.

પંડિત આવીને કહે, 'એકાદશીની રાતે પ્રથમ પૂજાનું શુભ મુહૂર્ત છે. એ પહેલાં કામ પૂરું થશે કે ?'

માધવ પ્રણામ કરીને કહે, 'ઉત્તર દેવાવાળો હું તે કોણ ? જ્યારે કૃપા થશે ત્યારે ખબર પાઠવીશ. તે પહેલાં ઉતાવળ થશે તો નડતર આવશે ને વિલંબ થશે.'

છઠ ગઈ ને સાતમ આવી મંદિરના દ્વારમાંથી ચંદ્રનો પ્રકાશ માધવના સફેદ કેશને અજવાળતો હતો.

સૂર્યાસ્ત થયો ને પાંડુવરણા આકાશમાં એકાદશીનો ચંદ્ર ઊગ્યો.

માધવે લાંબો નિશ્વાસ નાખી કહ્યું, 'ભાઈ પહેરેગીર, જા ને ખબર પહોંચાડ કે માધવનું કામ પૂરું થયું છે. મુહૂર્ત ચાલ્યું ના જાય !'

ચોકીદાર ગયો.

માધવે આંખનું બંધન છોડી નાખ્યું ખુલ્લા બારણામાંથી એકાદશીના ચંદ્રનું તેજ દેવમૂર્તિ પર પડતું હતું.

માધવ હાથ જોડી ગોઠણભર થઇને બેઠો ને એક દૃષ્ટિએ દેવતાના મુખ સામે તાકી રહ્યો. બંને આંખોમાંથી જળધારા વહી રહી.

આજે ભક્તની હજારહજાર વર્ષની દેવતાના દર્શનની ભૂખ ભાગી.

રાજા મંદિરમાં પ્રવેશ્યા.

ત્યારે માધવનું મસ્તક વેદીમાં નમેલું હતું.

રાજાની તલવારે પળભરમાં એ મસ્તક છેદાઇ ગયું.

દેવતાના ચરણે એ જ પ્રથમ પૂજા બની; ને એ જ છેલ્લા પ્રણામ.

('પુનશ્ચ'માંથી) **વિનોદ કોઠારી**


કસોટી

(૧) વસતિ-ગણત્રી કરનારે જ્યારે વિનુ પૂછ્યું કે 'તમારા ઘરમાં માણસ કેટલાં, ને તે કોણ કોણ ?' ત્યારે તેણે મજાક ઉડાવતાં જટિલ જવાબ આપ્યો કે 'મારા ઘરમાં એક દાદા, એક દાદી, બે બાપ, બે મા, ચાર દીકરા-દીકરી, ત્રણ પૌત્રપૌત્રી, એક ભાઈ, બે બહેન. બે દીકરા, બે દિકરી, એક સસરા, એક સાસુ, અને એક વહુ એટલાં જણ રહે છે; અને અમે બધાં મળીને સાત જણ છીએ.' ત્યારે વસતિ-ગણત્રી કરનારે શું સમજવું ?

(૨) ક ક ક બાજુએ બતા-
ખ ખ ખ વેલા સરવાળા
ક) ગ ગ ગ ઘ (ક ખ ઘ તથા ભાગાકારમાં દરેક અક્ષરની ચોક્કસ કિંમત છે તે તમે ગણીને શોધી કાઢી શકશો ?

(૩) નીચે આપ્યાં છે તે આપણી રોજિંદા વપરાશની ચીજોનાં વૈજ્ઞાનિક નામ છે તે કઈ ચીજો એ કહેશો ? હાઇડ્રોજન ઑક્સાઈડ, સોડિયમ કલોરાઈડ, ઍસેટિક ઍસિડ, કૅલ્શ્યમ ઑક્સાઈડ, કૅલ્શ્યમ કાર્બોનેટ.

(૪) એક ભરવાડને, તેની પાસે કેટલાં ઘેટાં છે એમ પૂછતાં કહ્યું કે 'મારી પાંહે છટલાં સે, ઈટલાં બીજાં હોય, ને ઇથી અધાં બીજાં હોય, ને ઇમાં અઢી ઉમેરૂં તો એક ફૂડી થાય.' તો તેની પાસે કેટલાં ઘેટાં હશે ?



(૫) બાજુમાં બતાવેલી પંચકોણની આકૃતિને પેન્સિલ ઉપાડયાવિના એકધારી દોરવાનો યત્ન કરો.

(૬) વીજળીની ગાડી ઉત્તરથી દક્ષિણ જાય છે. પવનની દિશા પશ્ચિમથી પૂર્વની છે. તો ગાડીનો ધુમાડો ઉત્તર તરફ જશે કે ઈશાન કોણમાં ? પવન જોરથી ફુંકાય છે.

(૭) નીચેની યાદીમાં દેશદેશની શિષ્ટ સાહિત્યકૃતિઓ અને તેનાં સર્જકોનાં નામ સેળભેળ થઈ ગયાં છે. તમે તેમને શોધીને એકબીજાની બરોબર સામે મૂકી શકશો ? દાન્તે, ફાઉસ્ટ, રઘુવંશ, હ્યૂગો, ગૉર્કી, ડિવાઇનકૉમેડી, હોમર, શેકસપીઅર, લા મિઝરાબ્લ, ગેટે, ગુલિસ્તાં, મિસિસ સ્ટો, સર્વાન્ટિસ, હાર્ડી, કાલિદાસ, થાઈ, કાદંબરી, ફિરદૌસી, ગધ્યમ, મધ્નર, મિલ્ટન, મૅકબેથ, ટેસ, ટૉલ્સટૉય, સાદી, બાણ, શાહનામા, શૂદ્રક, ભાસ, ડૉન કિવઝોટ, ઇલિયડ, મૃચ્છકટિક, આનાતોલ ફ્રાન્સ, અંકલ ટૉમ્સ કૅબિન, આના કેરેનીના, પૅરેડાઇઝ લૉસ્ટ.

(ઉત્તરો માટે જુઓ પૃષ્ઠ ૧૬૦)

કવિ-પ્રિયા

શરદિન્દુ વંદ્યોપાધ્યાયના બંગાળી ઉપરથી — અનુવાદક : રમણિક મેઘાણી



ઘણા સમય પહેલાં આપણા દેશમાં એક કવિ થઈ ગયા. નવપ્રભાતના અરુણોદયને કાળે એ જન્મ્યા હતા, ને મધ્યાહ્નના પ્રખર ઝળહળાટ વેળાએ એ અવસાન પામ્યા હતા. એ કારણે સર્વ દેશના ને સર્વ યુગના કવિ રૂપે આપણે એને ઓળખીએ છીએ. નવપ્રભાતનો અરુણોદય અને મધ્યાહ્નનો પ્રખર ઝળહળાટ આપણા અંતરમાં એને સદા યે અમર-ચિરંજીવ રાખી રહ્યો છે.

એ કવિની કલ્પનામાં માત્ર એક જ સૂર હતો-આનંદનો. એનાં ગીતોમાં નહોતી વેદના, નહોતી નિરાશા, નહોતો વૈરાગ્ય;-હતા માત્ર આનંદ ને ઉલ્લાસ, હતી માત્ર આશા. સૌને પોકારીપોકારીને એ કહેતા કે ભાઇ, જાણીજોઇને દુ:ખ સમીપ જશો મા. દુ:ખ મિથ્યા છે. આનંદ એના વડે જ તમારી પરીક્ષા કરે છે. જો દુ:ખને શોધવા જશો તો આનંદનું સુભગ વરદાન તમને નહિ મળે. દુ:ખના આઘાતે-આઘાતે તમારા હૈયાના ઊંડાણમાંથી આનંદનો અગ્નિ પ્રજાળી ઊઠો :

વાળ કદી જો થાય ભલા ! સૌ
શ્વેત વ્યથાને સ્પર્શે,
ને હૈયું થાય વિદીર્ણ કદી
જો દુ:ખ તણાં તીખાં શરથી
તું રડતો ના, પણ નીતમ ગાણું
ગાજે અભિનવ હર્ષે
હો મુક્તાહાસ્ય જ્યાં વરસે !

અશ્રદ્ધાળુઓ કહેતા: 'પણ કવિ, મૃત્યુને તો આનંદથી નહિ ખાળી શકાય. એ તો એકદી આવવાનું જ. મરવું તો કો'ક દી પડશે જ ને?'

ને કવિ હસીને ઉત્તર આપતો : 'મરવું તો તમારે કદી યે નહિ પડે, બંધુ ! માત્ર સહેજ, જરાક સરવું-ખસવું પડશે. ચૈત્રમાં ખરી પડતા-ઝરતાં તરુપલ્લવની જેમ માત્ર જરાક ઝરવું પડશે. જેઓ નવા આવે છે-તમારો આનંદ જેમને જન્માવે છે એમને માટે જરાક મારગ કરી દેવો પડશે. તેઓ તમારા આનંદનાં ઉત્તરાધિકારી છે. તેમના દ્વારા તમે પણ મૃત્યુંજયી બની રહી શકશો, બંધુ !'

ધીરેધીરે અશ્રદ્ધાળુઓમાં શ્રદ્ધા બેસવા લાગી. દેશવાસીઓ કવિનો આનંદ મંત્ર સ્વીકારવા લાગ્યા. આખરે એક દિવસ મહારાજાએ કવિને આમંત્રણ આપી રાજદરબારમાં બોલાવ્યા ને કહ્યું, 'કવિ, તમારી વાણીએ મારા રાજ્યમાંથી દુ:ખને દેશવટો આપ્યો છે. તમે ધન્ય છો. મારો આ હાર હવે તમારા ગળામાં વિરાજીને ધન્ય બનો.' ને આટલું કહી એણે પોતાના ગળામાં ઝૂલી રહેલો અત્યંત કિંમતી હાર કવિને પહેરાવી દીધો.

કવિએ ઉત્તર આપ્યો, 'હે રાજન્ ! આ આનંદની વાણી મારી નહિ, પણ વિશ્વ-પ્રકૃતિની છે હું તો એ વિશ્વ પ્રકૃતિનો એક દૂત માત્ર છું. મારા ગાનથી જો કોઈ એકાદ વ્યક્તિ પણ આનંદ-મંત્રથી દીક્ષિત થઈ હશે-થશે, તો મારૂં દૂતપણું સાર્થક બનશે.'

ત્યાર બાદ ધીરેધીરે દેશ સમસ્તના લોકો જ્યારે કવિના આનંદ ગાને મસ્ત થઇ ઊઠ્યા હતા, ત્યારે એક દિવસ કવિએ એની પત્નીને કહ્યું, 'દેશવાસી સૌને આનંદ-મંત્ર સંભળાવ્યો, માત્ર જે મારા અંતરની આનંદ-સ્વરૂપા છે એને જ એ મંત્ર સંભળાવવા અવસર ન મળ્યો. માનવીઓને મેં આપી વિશ્વ-પ્રકૃતિની વાણી, અને તને આપ્યો માત્ર મારા હૃદયનો પ્રેમ ! મારૂં સૌથી વધુ નિકટનું સ્વજન જ વંચિત રહ્યું આનંદ-મંત્રના માત્ર આનંદ-ગાનથી !'

કવિ પ્રિયાએ કંઈ જ ઉત્તર ન આપ્યો. સ્વામીના મોં તરફ એ જોઈ રહી, ને પછી જરા હસી. એ હાસ્યના ધવલ પ્રકાશ પાસે કવિનો આનંદ-મંત્ર પણ જાણે ઝાંખો દેખાતો હતો.

અને એ પછી એક દિવસ, નહિ વાદળ, નહિ વર્ષા, એકાએક જાણે વજ્રપાત થયો. યૌવનની આખરી સીમા વટાવી ન વટાવી ત્યાં જ કવિનું અવસાન થયું. દેશ આખામાં હાહાકાર વ્યાપી ગયો. એ દિવસે કવિનો ઉપદેશ કોઇને ય યાદ ન રહ્યો.

મહારાજા શોકથી અધીર થઈ કવિગૃહે ગયા—આનંદમંત્રના દાતા એ કવિના મુખનું છેલ્લી વાર દર્શન કરી લેવા. એની સાથે પ્રધાનો અને બીજા નાનામોટા કારભારીઓ પણ ગયા.

કવિના ઘર સામે વિશાળ જનમેદની—જનસાગર જાણે ઘૂઘવી રહ્યો હતો. સૌનાં મોં પર અપાર શોકની છાયા છવાઈ હતી સૌ ઊંડા નિશ્વાસ મૂકતા હતા. સૌની આંખો ભીની હતી. રાજા શોકાર્ત જનમેદની વચ્ચે થઇને કવિના ગૃહ-આંગણમાં પ્રવેશ્યા.

એણે ત્યાં પ્રવેશી અશ્રુપૂર્ણ આંખોને લૂછીને જોયું તો એ દિંગ જ થઈ ગયા ! કવિ-પ્રિયા મૃત પતિનું માથુ ખોળામાં લઈ બેઠીબેઠી હસતી હતી !

રાજાને લાગ્યું, જાણે કવિ-પત્નીના એ હાસ્યના પરમ પ્રકાશમાં સમસ્ત દેશવાસીઓનો શોક ઝાંખો પડી જતો હતો.

સર મનુભાઈ ઈનામી નિબંધ

વડોદરાની 'પ્રેમાનંદ સાહિત્યસભા' તરફથી, આ વર્ષની હરીફાઇ માટે 'યુદ્ધ પછી ગુજરાતનું નવીન આર્થિક સંસ્કરણ' એ વિષય ઠરાવાયો છે. મુદત: સપ્ટેમ્બર ૧૯૪૫; ઈનામ રૂા. ૧૦૦; વિગતો માટે લખો: મૂળશંકર ચી. જાની, દયાળભાઇનો ખાંચો, પૅલેસ રોડ, વડોદરા.

ભ. દ્રવતે અંતરે એક કરુણ પ્રશ્નનો ઉકેલ શોધ્યો પણ અંતે તો પાછો પ્રશ્ન જ રહ્યો કે આપણાં અંતરો ખરેખર દ્રવે છે?

મારી વાર્તા

ચાર રસ્તે બસની રાહ જોતો હું ઊભો હતો ત્યાં મને તેનો ભેટો થયો. 'તે' એટલે કોઈ મિત્ર કે સ્નેહી નહિ; એક અદના ભિખારી. ભિખારીને હોવો જોઇએ એવો જ એનો પોશાક હતો, એવું જ એનું વાક્પાટવ હતું. તેના ગાલે તેનાં ઊપસેલાં હાડકાં સાથે આજીવન મૈત્રી સાધી હોય તેમ ચોંટી ગયા હતાં. લોહીમાંસે એના શરીર સામે બળવો પોકાર્યો હતો. પણ એની આંખોની ચમક હજુ ટકી રહી હતી. છતાં એની દીનતા એની વાણીમાં વ્યક્ત થતી તેના કરતાં યે એ ચમકદાર આંખોમાંથી વિશેષ વ્યક્ત થતી. મારી સામે પ્રશ્નાત્મક મુદ્રા કરીને હાથ પસારી ઊભેલા એને મેં નખશિખાંત નિરખીને તટસ્થ ભાવે સવાલ પૂછ્યો, 'કેમ?'

'સાહેબ ...' એટલું બોલી, આર્જવતાભરી એની આંખ મારી આંખમાં પરોવતો એ પળવાર થોભ્યો.

'સાહેબ, સાહેબ, શું કરે છે? ભૂખ્યો હો તો ગોળમાં જા.'

એની આંખમાં આંસુ આવી ગયાં.

'આ પણ એક જબરી સિફત!' લોકોનો દયાભાવ ઉત્તેજવાની પોતાની તાલીમને અમલી બનાવતો એને જોઇને એના પર હું વધુ ચીડાયો. પરંતુ વીતરાગપણે મારી ચીડ ગળી જઇને એ બોલ્યો, 'સાહેબ, મારી મા બીમાર છે. સારો દિવસ રખડ્યો છું પણ એક પૈસો યે નથી મળ્યો. મારી બીમાર મા ....'

ત્યાં તો બસ આવી પહોંચી. એનાં સંબોધનો એને જ મુબારક રહેવા દઇ હું બસમાં ચડી બેઠો.

બીજે દિવસે સાંજે કંઇક કામે હું દરિયાપુર ગએલો. ત્યાંથી પગે જ ચાલતા આવીને કાળુપુરથી બસ પકડવાનો મારો ઈરાદો હતો, ત્યાં અચાનક મારી નજર એક ટોળા પર ગઈ. કુતૂહલવશ થઇને મેં એ ટોળામાં ડોકિયું કર્યું, તો એ જ એની માને ખોળામાં લઈ બેઠો હતો;—માને નહિ, એના મુડદાને. પળવારમાં તો સેંકડો વિચાર મારા મનમાંથી પસાર થઈ ગયા. કાલે મેં એને નિરાશ ન કર્યો હોત તો? એ કરુણોત્પાદક દૃશ્ય જોઇ મારું મન પ્રશ્ચાત્તાપદગ્ધ બની ગયું. પરંતુ હવે શો ઉપાય હતો? એની આસપાસ એના જેવા જ ભિખારીઓનું ટોળું જમા ગએલું. અને પસાર થનારાઓને એની માતાની અંતક્રિયા માટે પૈ-પૈસો ફેંકતા જવા વીનવતું હતું. કેવો ભ્રાતૃભાવ? એણે તો મને ઓળખ્યો નહિ, કારણકે મારા જેવા અનેકો એને નિરાશ કરનારા મળેલા. પરંતુ હું એને ભૂલ્યો નહોતો. મારા ખિસ્સામાંથી જે કૈં હાથમાં આવ્યું તે ફેંકીને ત્યાંથી હું ચાલતો થઈ ગયો. પરંતુ 'સાહેબ, મારી બીમાર મા ...' એ એના છેલ્લા શબ્દો અને એ બોલતી વખતની એની મુખમુદ્રા મારા મનમાંથી ન ખસ્યાં તે ન જ ખસ્યાં.

મુશીબત એ જ જેમનું જીવન છે, અપમાનો એ જ જેમનું દ્રવ્ય છે, ભૂખમરો એ જ જેમનો દોસ્ત છે, એવા આ ભિખારીઓ માટે શું થઇ શકે? મેં વિચાર્યું, મારી પાસે કલમ છે તો એકાદ કરુણાંત વાર્તા એ પર લખી કાઢું. રાતે ને રાતે એ વિચાર મેં અમલમાં મૂક્યો અને મારા મનથી 'સરસ' એવી એક વાર્તા લખીને ઊંઘી ગયો.

'હું એની મા.' તંદ્રાવસ્થામાં પડખાં ફેરવીફેરવીને માંડ હું શાંત પડ્યો હોઇશ ત્યાં સવારે જ જોએલી એની મૃત માતા મારી નજર સામે આવી ઊભી. 'હું મરી ગઈ તેની પરવા નહિ, પણ તને તો લોકોને આનંદ આપવાનું એક સરસ પાત્ર મળી ગયું ને? આવી નાયિકા તને અત્યાર સુધી નહિ મળી હોય. એકાદ નામાંકિત પત્રના ખાસ અંકમાં એ મોકલજે, તારી વાહવાહ બોલાઇ જશે.'

હિમકલિકા સમું તેનું સ્વરૂપ હતું, પણ એના શબ્દોમાંની કશીક અવ્યક્ત આગ મારું કલેજું સીઝાવી દેતી હતી. 'તારા જેવા દરેક વાર્તાકાર આ રીતે પોતાનાં નાયક-નાયિકા મેળવતાં હોય તો?'

ભીતિયુક્ત નજરે હું એ છાયામૂર્તિને તાકી રહ્યો હતો. ધીમેધીમે મેં જોયું કે એના એકના ઉપરાંત એના જેવાં અનેકોની છાયામૂર્તિઓ ધીમેધીમે વ્યક્ત સ્વરૂપ પકડી રહી હતી. બધાં—આ બધાં ભૂખ, દુઃખ ને સંતાપથી મૂએલાં. એમના માટે કોઈની પાસે ટુકડો રોટી નહોતી, પૈસો-પાવલી નહોતાં. એ કંઇ ઓછાં જ પોતાના દાતાના નામની તક્તીઓ લગાડીને ફરવાનાં હતાં કે છાપાંમાં પોતાના દાતાઓના નામની લાંબી યાદી પ્રસિદ્ધ કરાવવાનાં હતાં? અને મરીને પણ પોતાને મારનારાંઓ પ્રત્યે કશો વૈરભાવ ન પ્રગટાવી શકનાર એની એ દીનતા હજુ યે એમને ચહેરે ચાલુ હતી.

પેલી છાયામૂર્તિનો સ્પષ્ટ ને નિઃસંદિગ્ધ બનતો જતો અવાજ હજી ચાલુ જ હતો: 'તને અમારા પર વાર્તાઓ લખવાનું સૂઝે છે? અમને મરી ગયા પછી પણ જંપવા ન દેવાની આ નફ્ફટાઈ? જગતનાં વાસ્તવિક દુઃખ, કલેશ, સંતાપ તારી નજરે નથી ચડતા કે અમારા જેવાંને નિમિત્ત બનાવીને કાલ્પનિક દુર્દશાનાં ચિત્રો તું ચીતરવા બેઠો છે? કે પછી અમારાં પ્રાણાપહરણથી મળી રહેતા વાર્તાવસ્તુ બદલ કશો છૂપો આનંદ એ પાછળ રહ્યો છે?'

મારા પરના આ દોષારોપણથી હું ખિન્નઇ ઊઠ્યો: 'શું કહું? હું તો ઊલટું આવાં શબ્દચિત્રો આલેખીને એવાં દુર્ભાગીઓ પ્રત્યે સમાજનું અંતઃકરણ જાગ્રત કરવા પ્રયત્ન કરું છું.'

મારા આ જવાબ પર અટ્ટહાસ્ય કરતી એ છાયામૂર્તિ બોલી: 'ખરો! તું પણ ખરો! તારી કરુણાંત શબ્દરમતથી તું લોકોનાં અંતઃકરણ જાગ્રત કરવાનો, એમ ને? નજર સામે ભજવાઇ રહેલાં કરુણાંત દૃશ્યોને પણ કેવળ ખેલ કે તમાશાની નજરે જોનારા લોકોમાં તારાં કલ્પનાચિત્રો એક વધુ તમાશાની ગરજ નહિ સારે એમ તું માને છે, બેવકૂફ? તારા પહેલાં કેટલા લોકો આવી શબ્દસૃષ્ટિ ખડી કરતા આવ્યા છે? અને છતાં સમાજનું રૂંવાડું યે ફરક્યું છે? નજર સામેની વસ્તુસ્થિતિથી જ્યાં લોકોનાં અંતઃકરણ દ્રવતાં નથી, ક્રૂર અને વિકરાળ દુઃખદાહથી પણ એમનામાં કશી કોમળતા પ્રેરાતી નથી, તો પછી તારી શબ્દસૃષ્ટિ બે પળનું વાચન પૂરું પાડ્યા સિવાય બીજું શું કરી શકવાની? નાદાન, બેવકૂફ ...'


મારાથી હવે સહન ન થઈ શક્યું ક્ષોભમાં ને ક્રોધમાં હું પથારીમાંથી બેઠો થઇ ગયો. મારી આંખ ખુલી ગઇ ને એ છાયાસૃષ્ટિ વિલાઈ ગઈ.

મેં લખી રાખેલી પેલી 'સ-રસ' વાર્તાના એ ને એ ઘડીએ ઊઠીને મેં ચીરેચીરા કરી નાખ્યા.

અશોક દવે

ગળી

ભારતવર્ષનો મૃતપ્રાય ઉદ્યોગ



ગળીનું ઉત્પાદન

હિંદનો ગળીનો ઉદ્યોગ આજે મરી જ ગયો છે એમ કહીએ તો ચાલે. પરંતુ એક વખત એવો હતો જ્યારે હિંદની ગળીના રંગો આખી દુનિયાગાં વપરાતા. આજે બધે જ કુદરતી ગળીને બદલે બનાવટી ગળી વપરાતી થઇ ગઈ છે. જ્યારથી ગળી પ્રયોગશાળામાં બનાવવી સફળ થઈ ત્યારથી હિંદનો ગળીનો ઉદ્યોગ ગરતો ચાલ્યો. બિહાર અને ગંગાની ખીણના પ્રદેશોમાં ગળીનું પુષ્કળ વાવેતર કરવામાં આવતું હતું. હાલ પણ ત્યાં થોડાક પ્રમાણમાં ગળીના છોડ ઉગાડવાગાં આવે છે અને કુદરતી ગળી મેળવવામાં આવે છે. એ કુદરતી ગળી કેવી રીતે મેળવાય છે તે આપણે જોઇએ.

ગળીનું વાવેતર બિહાર અને ગંગાની ખીણ તરફ કરવામાં આવે છે. ઑગસ્ટ માસના પાકને 'મોહેન' અને ઑક્ટોબરના પાકને 'કુન્ની' કહે છે. ગળીનો છોડ ૩ થી ૪ ફૂટ ઊંચો થાય છે. તેનું થડિયું ૧ ઇંચના ઘેરાવાનું હોય છે. રંગ છોડનાં પાંદડાંમાંથી નીકળે છે. ટોચ ઉપરનાં પાંદડાંમાં રંગનું પ્રમાણ વધારે હોય છે. એનો રંગ પીળાશપડતો લીલો હોય છે. ચાર પાંચ માઇલના વિસ્તારના ગળીના વાવેતર વચ્ચે ગળી બનાવવાની એક ફૅક્ટરી હોય છે.

ગળી બનાવવા માટે પહેલાં છોડને થડિયાના ઉપરના ભાગમાંથી કાપવામાં આવે છે અને તે ફૅક્ટરીમાં લઈ જવામાં આવે છે. ગળી બનાવનારી ફૅક્ટરીગાં રચના આ પ્રમાણે હોય છે:

એક ટાંકીમાં પાણી ભર્યું હોય છે જેમાંથી હોજ નં. ૨ માં પાણી લેવાય છે. એ બીજા હોજમાં કાપીને લાવેલા છોડ ઊભા ગોઠવવામાં આવે છે. છોડને એમ રાખવા માટે ટેકો આપવા સારૂ હોજમાં વાંસ ગોઠવવામાં આવે છે, જે આકૃતિ ઉપરથી સમજાશે. એ હોજને અંગ્રેજીમાં Steeping Vat–ઝબોળવાનો હોજ–કહે છે. તે ૧૮ ફૂટ લાંબો, ૬ ફૂટ પહોળો અને ૩ાા ફૂટ ઊંડો હોય છે અને ૧૧,૦૦૦ થી ૧૫,૦૦૦ રતલ વજનના છોડ સમાવી શકે છે. છોડને ઊભા ગોઠવી રાખવા ખાસ જરૂરી છે, કારણ કે પાણી સાથે જ્યારે તેની પ્રક્રિયા થાય છે ત્યારે તે આર્દ્રવાયુ, માર્શગૅસ વગેરે વાયુઓને બહાર કાઢે છે, અને તે વાયુઓને જલદી બહાર નીકળી જવામાં સરળતા પડે એ જોવું જરૂરી છે. વળી પાણીનું વહન એ હોજમાં સરળ થાય એ પણ જરૂરી છે. છોડ જો બરાબર ગોઠવેલા હોય અને જગ્યા પૂરતી હોય તો આ કાર્યો સરળ થાય. આ પ્રમાણે છોડને સાતથી ચૌદ કલાક સુધી કહોવડાવવામાં આવે છે. દરમ્યાન, છોડમાંથી વાયુઓ નીકળવાના કારણે પાણીનું જે કદ વધેલું હોય છે તે એટલા વખત પછી પોતાની અસલ સ્થિતિએ આવી જાય છે અને પાણી નારંગી રંગનું બની જાય છે. હવે પ્રક્રિયા પૂરી થઇ ગણાય છે.

ત્યાર પછી આ નારંગી રંગના પાણીને હોજ નં. ૩, જેને અંગ્રેજીમાં Beating Vat–હલાવવાનો હોજ–કહે છે તેમાં નળ દ્વારા વહેવડાવવામાં આવે છે. એ ૧૮ ફૂટ લાંબો, સાડા તેર ફૂટ પહોળો ને ૩ાા ફૂટ ઊંડો હોય છે. તેનું તળિયું એક બાજુને ખૂણે બધા ખૂણા કરતાં ઢાળ પડતુ રાખ્યું હોય છે. અને તે બાજુએ થોડે થોડે અંતરે કાણાં રાખવામાં આવેલાં હોય છે, જે ડૂચથી બંધ કરેલાં હોય છે. આ હોજમાં પ્રવાહી આવ્યા પછી ત્યાં તેને વાંસથી ખૂબ હલાવવામાં આવે છે. આમ કરવાનો હેતુ પ્રવાહીને પ્રાણવાયુના સંપર્કમાં લાવવાનો હોય છે. ગળીના છોડનાં પાંદડાંમાંથી જે નારંગી રંગ છૂટો પડેલો હોય છે તે રંગ પ્રાણવાયુના સંયોગીકરણથી વાદળી થઈ જાય છે, અને એમ રંગ પલટાતાં પછી તે દ્રાવ્ય રહેતો નથી પણ સ્થૂળ સ્વરૂપ પકડે છે, તેથી હોજને તળિયે બેસતો જઈ પેલા નીચા રાખેલા ખૂણામાં એકઠો થાય છે. વાંસ વડે હલાવતાં હલાવતાં જ્યારે પાણી ઉપરનું ફીણ સફેદ દેખાવા માંડે છે ત્યારે એ ક્રિયા પૂરી થઈ ગણાય છે. એ પછી પ્રવાહીને ઠરવા દેવામાં આવે છે, જેથી બધો વાદળી રંગ (ગળી) સ્થિરતાથી જામીને તળિયે ભેગો થાય. એમ ઠરતાં ઠરતાં જ્યારે ઉપરનું પાણી તદ્દન ચોકખું દેખાવા લાગે છે ત્યારે ઢાળ પડતી બાજુ તરફનાં કાણાંમાં દીધેલાં ડૂચ એક પછી એક કાઢી લેવામાં આવે છે. જેથી ગળી નીતરેલું પાણી તેમાંથી વહી જાય. હવે હોજમાં માત્ર થોડા પાણી સાથે જાડા ખીરાના આકારમાં ગળી રહે છે.

આ જલમિશ્રિત ગળી બીજા વાસણમાં કાઢી લેવામાં આવે છે જ્યાં ગરમી આપી એ શેષ રહેલું પાણી પણ વરાળ રૂપે ઉડાડી મૂકવામાં આવે છે. પછી જાડા લેપના રૂપમાં ગળી રહે છે. તેને સંપૂર્ણ જલરહિત કરવા માટે એક સાદા યંત્રનો ઉપયોગ થાય છે. (જુઓ આકૃતિ) લેપ જેવી આ ગળીને ચોમેર કાણાંવાળાં નાનાં ખોખાંઓમાં કૅનવાસનું કપડું પાથરી, તેમાં હાથથી દબાવીદબાવીને ભરવામાં આવે છે. ગળી ખોખાંમાં ભરી લીધા પછી કપડાના છેડા વાળી દેવામાં આવે છે. આ પ્રમાણે ઘણાં ખોખાં ભરી દીધા પછી તેમને આકૃતિમાં બતાવ્યા પ્રમાણે ગોઠવવામાં આવે છે. સૌથી નીચે લાકડાના બે નાના ચોરસ કટકા મૂકી તેના ઉપર એક ખોખું, તેની ઉપર પણ લાકડાના કટકા મૂકી બીજું ખોખું, એમ ઉપરાઉપર મૂકવામાં આવે છે, અને સૌથી ઉપરના ખોખા પર કાણાંવાળું પાટિયું મૂકી, તે પર દાબયંત્રનો સ્ક્રૂવાળો દટ્ટો લગાડી ચક્કર વડે તે સ્ક્રૂ ફેરવતા જઇને ખોખાં પર દબાણ કરવામાં આવે છે. આ પ્રમાણે દબાણ કરવાથી શક્ય તેટલું પાણી ખોખાંનાં પડખાંનાં કાણાં વાટે બહાર નીકળી જાય છે, જે યંત્રના નીચેના ભાગમાં રાખવામાં આવેલા નળ વાટે બહાર ચાલ્યું જાય છે. આમ દબાણ આપતાં પણ પાણી ખોખાંમાંથી નીકળતું નથી ત્યારે દાબવાનું બંધ કરવામાં આવે છે, પણ રહ્યાસહ્યા પાણીને ઝમી જવા માટે ખોખાંને થોડા કલાક દાબ નીચે રાખી પછી બહાર કાઢી લેવામાં આવે છે. હવે કૅનવાસનાં કપડાંમાં ગંઠાએલી ગળી ચોસલાંના આકારમાં બહાર આવે છે. તેમાંથી પછી સાબુની પાટની માફક પાટો પાડી, તેમાંથી જરૂર પ્રમાણેનાં નાનાં-નાનાં ચોસલાં પાડવામાં આવે છે અને તે બજારમાં વેચવા માટે મૂકવામાં આવે છે.

ઉપર જણાવેલી પદ્ધતિમાં થોડા સુધારા પણ કરવામાં આવ્યા છે. હોજ નં. ૨ ને હોજ નં. ૩ની વચ્ચે ત્રીજો હોજ (Precipitating Vat) રાખી તેમાં ચૂનો રાખવામાં આવે છે, જેથી તેમાંથી પસાર થતાં તે દ્રાવણમાંથી કૅલ્શ્યમ અને મૅગ્નેશ્યમના પદાર્થો રૂપે નકામા પદાર્થો છૂટા પડી તળિયે બેસે. તે પછી ઉપરનું પ્રવાહી હોજ નં. ૩માં લઇ જવામાં આવે છે. બીજો સુધારો, હલાવવાના હોજમાં હોય છે. પ્રવાહીને વાંસથી હાથ વડે નહિ પણ સંચાની મદદથી હલાવવામાં આવે છે, અથવા તો તેને તળિયેથી કાણાંવાળી નળીઓ મારફતે હવા પસાર કરવામાં આવે છે. આ હવા પ્રવાહીની સપાટીને હલાવે છે એટલું જ નહિ, પરંતુ પોતે પસાર થતી વખતે પણ પ્રવાહીને પ્રાણવાયુ આપતી જાય છે.

આ પ્રમાણે મેળવાએલી ગળી સંપૂર્ણ ચોખ્ખી હોતી નથી. તેમાં ઇન્ડિગો-રૂલીન, ખનીજ પદાર્થો, ઑર્ગેનિક પદાર્થો વગેરે હોય છે. ગળી ઍસેટિક ઍસિડ (ગ્લેશિયલ)માં, ઍનિલીન ઑઈલમાં અને નાઇટ્રોબેન્ઝીનમાં ઓગળે છે, જ્યારે 'ઇંડીગો-રૂલીન' એમાં ઓગળતી નથી. તે આલ્કૉહૉલ ને ઈથરમાં ઓગળે છે. ગળીના નમૂનામાં કેટલી ગળી છે ને કેટલી ઈંડીગો-રૂલીન છે, તે વગારના પાણી સાથેની ક્રિયાથી જાણી શકાય છે. , **બદ્રીનારાયણ ના. ભટ્ટ**

•

નવાં પુસ્તકો

ગાંધીજીનો સરકાર સાથેનો પત્રવ્યવહાર (૧૯૪૨-૧૯૪૪નાં વર્ષો દરમ્યાનના દેશ-પ્રસંગોને અંગે થએલો પત્રવ્યવહાર ગ્રંથ રૂપે): નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ, ૨-૮-૦; **રાષ્ટ્રભાષા વિષે વિચાર** (આપણી રાષ્ટ્રભાષા હિંદુસ્તાની વિષે ગાંધીજીના વિચારો દર્શાવતાં લખાણો તથા ભાષણોનો સંગ્રહ): પ્રકાશક–ઉપર મુજબ, ૦-૧૨-૦; **રચનાત્મક કાર્યક્રમ**-તેનું રહસ્ય અને સ્થાન (ગાંધીજીનાં બે મહત્ત્વનાં લખાણોની પૂરવણી સાથેની ત્રીજી આવૃત્તિ) પ્રકાશક–ઉપર મુજબ, ૦–૩–૦; I Can Not Die (બંગાળના દુષ્કાળ વિષે 'અન્નદાતા' નામથી ઉર્દૂ ભાષામાં લખાએલી વાર્તા–જે એ વિષય પર લખાએલી કોઇ પણ ભાષાની વાર્તા કરતાં સૌથી વધુ જોરદાર અને વેધક તરીકે સ્વીકારાઈ છે તે–ઉપરથી ખ્વાજા અહમદ અબ્બાસે કરેલો અંગ્રેજી અનુવાદ–રથીન મૈત્રના આલેખેલા બે રંગી પૂંઠા તથા બીજા સ્કેચો સાથે) મૂળ ઉર્દૂમાં લેખક-કીશન ચંદર, પ્રકાશક–'કુતુબ'-ઈન્ડો-ફૉરેન પબ્લિશર્સ, ૨૪૨ શુક્રવાર પૂના-૨, રૂા. ૨-૪-૦; **હીરાની ખાણ** (એકવીસ ટૂંકી વાર્તાઓનો સંગ્રહ): લેખક–ચંદુલાલ પટેલ, પ્રકાશક–એન. એમ. ઠક્કરની કંપની, પ્રિન્સેસ સ્ટ્રીટ મુંબાઈ-૨, ૩-૦-૦; **આહાર અને પોષણ** (આપણા શરીરની અંદરના અંગોનું, તેની સંભાળ કેમ લેવી તેનું તથા આપણા ખોરાકનાં પાચન અને પોષણ વિષેનું જનસામાન્યને કામ-પૂરતું જ્ઞાન સંવાદોનાં રૂપમાં સચોટ અને સંપૂર્ણ રીતે આપતું, બાળકો માટે લખાએલું પાઠ્ય પુસ્તક–જે ઓછું ભણેલાં સ્ત્રીજન–ગ્રામજનને માટે પ્રૌઢ-શિક્ષણની દૃષ્ટિએ પણ ઉપયોગી છે): લેખક-ઝવેરભાઇ પટેલ, પ્રકાશક–ગુજરાત વિદ્યાપીઠ અમદાવાદ, આઠ આના; **पूर्वी और पश्चिमी दर्शन** (પૂર્વ અને પશ્ચિમનાં તત્ત્વજ્ઞાનોની તુલનાત્મક ચર્ચા કરતો, હિંદીના વિખ્યાત લેખકનો મહાનિબંધ-થીસીઝ): લેખક–ડૉ. દેવરાજ, એમ. એ., ડી ફિલ., પ્રકાશક–સસ્તા સાહિત્ય મંડળ, ન્યૂ દિલ્હી, ૨-૪-૦; **हिन्दी गीता** ('હિન્દી નવજીવન'ના સંપાદન-કાર્યથી જાણીતા શ્રી હરિભાઉ ઉપાધ્યાયે કરેલો હિંદી ભાષામાં પહેલો સમશ્લોકી અનુવાદ): પ્રકાશક–ઉપર મુજબ, ૦-૮-૦; **સૌરાષ્ટ્રની રસધાર**—ભા. ૧,૨,૩,૪ તથા ૫ (શ્રી ઝવેરચંદ મેઘાણી સંપાદિત શૌર્ય અને ચારિત્ર્યજનિત કાઠિયાવાડની સંસ્કૃતિની નિદર્શક જાણીતી કથાધારાના પાંચ ભાગ): પ્રકાશક–ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય, ગાંધી રસ્તો અમદાવાદ, કિંમતો અનુક્રમે રૂા. ૨ા,૨,૩,૨ા અને ૩; **સોરઠી બહારવટિયા** ભા. ૧,૨,૩ (અન્યાય સામે ઝૂઝી ગએલા શૌર્યની કથાઓનો સંગ્રહ) લેખક–પ્રકાશક ઉપર મુજબ, કિંમતો અનુક્રમે રૂા. ૨,૩ અને ૨ા; **રઢિયાળી રાત** ભા. ૩ (એ જ લેખક સંપાદિત લોકગીત સંગ્રહની જાણીતી શ્રેણી): પ્રકાશક-ઉપર મુજબ, ૧-૮-૦; **રાજારાણી**: (રવીન્દ્રનાથ ઠાકુરના નાટકનો અનુવાદ) લેખક–પ્રકાશક, ઉપર મુજબ; ૨-૦-૦; **પૂર્વ અને પશ્ચિમ** (રવીન્દ્રનાથ ઠાકુરના બંને સંસ્કૃતિ ઉપરના નિબંધોનો સંગ્રહ): અનુવાદક–નગીનદાસ પારેખ, પ્રકાશક–ઉપર મુજબ, ૩-૮-૦.

(૧) Poland the Untold Story, લેખક Anna Zajagiykowska, (૨) Modern Polish Prose: લેખક Maria Kuncewecyowa, (૩) Twenty years of Polish Independence: લેખક Chigniew Grabowski, Indo-Polish library, ૦-૧૨-૦; (૪) An Outline of Polish-Soviet Relations: લેખક–H. W. Henderson, The Indo-Polish Librabry ૦-૮-૦; દુર્જેય પોલાંડની અદ્યતન પરાક્રમકથાઓ, તેનું ભાષાસામર્થ્ય, તેનું સ્વાતંત્ર્ય-ખમીર ને રશિયા સાથેના તેના સાંસ્કારિક ને રાજકીય સંબંધોનું આલેખન કરતી ચાર પુસ્તિકાઓ પ્ર. ઇન્ડો પોલિશ લાયબ્રેરી, મુંબાઇ.

જાગૃત પ્રજાની




જગતની કલાના ઇતિહાસમાં ભારતીય શિલ્પ અપૂર્વ સ્થાન મેળવી ચૂક્યું છે, પણ તેને સમજનારી અને સન્માન કરનારી ભારતીય પ્રજા ક્યાં ? દેશના સંસ્કૃતિવિધાયકોને આ પ્રશ્ન પૂછીએ તો મૌન સિવાય કાંઈ જવાબ નહિ મળે. જ્યારે આજે માત્ર ચાર જ શતક થયાં વસેલા અને આજની 'નવી દુનિયા' ગણાતા યુનાઇટેડ સ્ટેટ્સમાં પ્રજાની કળાને કેમ સત્કારે છે તેનો ખ્યાલ ઈશબેલ રૉસના (Ishbell Ross) આ નીચેના લેખથી આવશે.

ત્યાંના શિલ્પમાં અનોખો વારસો મૂકી જનારા ઑગસ્ટસ સેંટ ગૉડેન્સ, ડૅનિયલ ચેસ્ટર, ફ્રેન્ચ જ્યૉર્જ ગ્રે બર્નાર્ડ, ફ્રેડરિક ડબ્લ્યુ. મૅકમૉનિસ જેવા અનેક છે. આધુનિક ભાવનાઓ રજૂ કરતા સમાજ-વાસ્તવવાદી શિલ્પીઓએ કરેલાં કામદારોનાં પ્રચંડ બાવલાં પણ ત્યાં છે અને ભાવાત્મક લાગતા જટિલ શિલ્પપ્રકારો પણ છે એ પ્રયોગો વિવાદગ્રસ્ત હોવા છતાં એ અભિનવ સાહસિકોએ પોતાની કૃતિઓ વડે પૂર્વજોના વારસાને નવી જ પ્રભા અર્પી છે.

તાજેતરના કલાનાયકોમાં ચૅઈમ ગ્રૉસ, સ્કારાવૅગ્લીઑ, પૉલ મૅનશિપ અને વિલિયમ ઝોરાક જાણીતા છે. કાર્લ મિલે નામે એક સ્વીડ કલાકાર ત્યાં હરવતની થઇને રહ્યાં છે ને 'નૅશનલ ઍકેડેમી ઑવ આર્ટ્સ ઍન્ડ લેટર્સ'નું વાર્ષિક પારિતોષિક પામ્યો છે. તેના રચેલા ફુવારા, ભાસ્કર્યની તકતીઓ, ઉદ્યાનમૂર્તિઓ આદિએ અમેરિકન કળામાં મહત્ત્વનો ફાળો આપ્યો છે. મોટા બગીચાઓ અને જાહેર મકાનો જુઓ તો ઠારોઠાર અમેરિકન શિલ્પના નમૂનાથી આકર્ષક બનાવેલાં જણાય. તે તો ઠીક, પણ હવે તો શહેરના જાહેર રસ્તાના ફુટપાથો ઉપર પણ ઊંચી શિલ્પકૃતિઓ જનસામાન્યની રસવૃત્તિને તૃપ્ત કરવા, પોષવા ને વિકસાવવા મૂકવામાં આવે છે. આ ઉપરાંત ત્યાં એક નવતર પ્રયોગ હમણાં થયો છે. દક્ષિણ ડાકોટા પ્રાંતમાં રશમોર પર્વતના એક ઊંચા કાળમીંઢ પાષાણશૃંગ ઉપર અમેરિકાના ચાર આદરણીય રાષ્ટ્રપુરુષો જ્યૉર્જ વૉશિંગ્ટન, ટૉમસ જેફર્સન, અબ્રાહમ લિંકન અને થીઓડોર રૂઝવેલ્ટનાં વિરાટ કદનાં મસ્તકો ગટઝન બર્ગલમ નામના શિલ્પીએ કોતરવા માંડયાં છે. દૈવયોગે તે હમણાં ગુજરી ગયો એટલે પિતાનું અધૂરું રહેલું એ કામ એનો પુત્ર આજે પૂરું કરે છે. માઇલો દૂરથી પ્રજાને પોતાના એ રાષ્ટ્રપતિઓનું દર્શન થવા સાથે સતત પુણ્યસ્મરણ થયા કરશે અને જેવા એ લોકોત્તર નરમણિઓ ઉન્નત હતા એવાં જ ઉન્નત ગિરિશૃંગ ઉપર વર્ષો સુધી એ પ્રજાની પેઢીઓ સન્મુખ ભવ્યોચ્ચ આદર્શ સમા રહ્યા કરશે.

મહાયુદ્ધને કારણે યુનાઇટેડ સ્ટેટ્સમાં આજે યુરોપની ઘણી કલાકૃતિઓ સંરક્ષણાર્થે પણ એકઠી થઈ છે. વળી તાજેતરમાં જ ત્યાં થોડાં નવાં કલાધામો ખુલ્લાં મુકાયાં છે.

ચિત્રાલયોમાં, અમેરિકાભરમાં ખ્યાતનામા તો છે ન્યૂયૉર્કનું મેટ્રોપૉલિટન મ્યૂઝિયમ ઑવ આર્ટ. એ પોતે સ્થાપત્યની અદ્‌ભુત રચના સમું છે. તેમાં ઇજિપ્ત, બૅબીલોન, આસીરિયા, ગ્રીસ, રોમ અને અમેરિકાની કલાકૃતિઓના, ૫૦૦૦ વર્ષની માનવસંસ્કૃતિનો ગાળો રજૂ કરતા, ચૂંટેલા નમૂનાઓ છે. અહીંનાં સંગ્રહસ્થાનો તરફથી કલાનિષ્ણાતોનાં ખાસ મંડળો દેશવિદેશમાં ફરતાં જ રહે છે અને સંશોધન તથા પરીક્ષા કરી ઉત્તમ કૃતિઓ મેળવ્યે જાય છે અને અમેરિકાનાં મ્યૂઝિયમોનાં મકાનોની પાંખો વિસ્તરતી જ રહે છે. ૧૯૨૪માં એક 'અમેરિકન વિંગ' ખાસ બનાવવામાં આવી જેમાં, અમેરિકાના વસાહતકાળથી-છેક ઈ. ૧૬૪૦થી તે ૧૮૩૦ સુધીની કૃતિઓ સંઘરી છે, અને ૪૧ ગેલેરીઓ તથા ખંડોમાં ઐતિહાસિક ભવનોની પુનઃસર્જિત પ્રતિકૃતિઓ મૂકવામાં આવી છે.



ઉપર-અમેરિકન શિલ્પી જો ડેવિડસને ઘડેલી વિખ્યાત અમેરિકન કવિ વૉલ્ટ વ્હિટમૅનની પ્રભાવોદ્રેક ભરી શિલ્પમૂર્તિ. **જમણી બાજુ**-વિન્સેન્ટ ગ્લિન્સ્કીએ ઘડેલી શિલ્પકૃતિ 'જાગૃતિ'. આવા ભાવનાસુંદર શિલ્પો જાહેર રસ્તાઓના ફુટપાથો પર ખડાં કરીને તથા રાજમાર્ગો ઉપર પ્રદર્શનો ભરીને અમેરિકા હમણાં કલાપ્રચાર કરે છે. (Usowi)

કલા-ઉપાસના

કેટલાકોને વળી લાગ્યું કે હાલની અદ્યતન જીવંત કલાને આજની સંસ્કૃતિના પ્રધાન અંગ રૂપ ગણી ખરી સર્જક ને જીવનભાગી તરીકે સન્માનવી જોઇએ. આવી માન્યતાથી ૧૯૨૯માં ન્યૂ યૉર્કમાં 'મ્યૂઝિયમ ઑવ મૉડર્ન આર્ટ' સ્થપાયું ને તેને આજે દેશપરદેશની કીર્તિ મળી ગઈ છે. તેમાં ચિત્રો, પ્રતિમાઓ, સ્થાપત્ય, મુદ્રણકલા, ઉદ્યોગની કલ્પનાકૃતિઓ, ફોટોગ્રાફી અને ચલચિત્રના નમૂનાઓ સંગ્રહાયા છે. પોતાની કારકીર્દિના પહેલા દશકામાં તેણે ૧૦૦ પ્રદર્શનો ભર્યા અને પંદર લાખ માણસોએ તેનો લાભ લીધો. ઉપરાંત ફરતાં પ્રદર્શનોને લીધે યુનાઇટેડ સ્ટેટ્સના ઘણા વર્ગો ને સમુદાયોને આજની એ આધુનિક કલાનો નિકટ પરિચય મળ્યો. એનો ફિલ્મોનો સંગ્રહ પણ જબરો છે અને તેમાં દેશદેશના નમૂનાઓ રાખેલા છે. એક જ વર્ષમાં ૧૧૮ શિક્ષણ સંસ્થાઓ અને ત્રણ લાખ માણસોને એ ફિલ્મો એણે બતાવી. યુરોપના છેલ્લામાં છેલ્લા મૉડર્નિસ્ટિક કલાકારો—માતીસી, પિકાસો, સેઝાં, ગૉગાં, બૉનાર્ડ વગેરેની કૃતિઓ ત્યાં છે. ઈ. ૧૯૪૨માં તેમાં અમેરિકાના આદિવાસી રેડ ઇન્ડિયનોની કળાનો મોટો વિભાગ ઊભો કરવામાં આવ્યો છે.

આ જાહેર મ્યૂઝિયમોમાં વખતોવખત ખાનગી સખાવતો અને ખાનગી માલિકોના સંગ્રહોની સમૃદ્ધિ ઠલવાઈ છે. આ ઉપરાંત સંખ્યાબંધ જાણીતા અમેરિકનોએ પોતાની રુચિ પ્રમાણે કલાકૃતિઓનો ભંડાર એકઠો કર્યો છે અને જાહેર જનતા માટે ખુલ્લો રાખ્યો છે.

શિકાગોમાં એક ફીલ્ડ મ્યૂઝિયમ ઑવ નૅચરલ હિસ્ટરી (પ્રાકૃતિક નમૂનાઓનું સંગ્રહાલય) છે જેમાં વિવિધ વનસ્પતિઓનો અને માનવીની નાનાવિધ જાતિઓની પ્રતિકૃતિઓનો નિરવધિ સંગ્રહ છે. માનવજાતિનાં શિલ્પો વિખ્યાત શિલ્પી માલવિના હૉફમૅનની કૃતિઓ છે, જેના નમૂના 'કુમાર'માં અગાઉ આવી ગયા છે.

બીજા દેશો સાથે કળાની આપલે કરીને એવાં વિનિમય-પ્રદર્શનો પણ ત્યાં ગોઠવાય છે. હમણાં જ ઑસ્ટ્રેલિયન કળાનું એક જંગી પ્રદર્શન ત્યાં થયું. કુલ ૨૧ પ્રજાસત્તાકો તરફથી આ પ્રકારનો વ્યવહાર ચાલુ થયો છે.

પ્રજાને મ્યૂઝિયમોમાં રસ લેતી કરવાને ત્યાં અવનવા ઉપાયો લેવાય છે. પ્રચાર માટે પત્રિકાઓ નીકળે છે, પ્રદર્શનો સાથે તેની માહિતી આપતાં ભાષણો યોજાય છે. શાળાનાં બાળકો માટે ઘણે ભાગે બધું મફત હોય છે. રજાના દિવસે પરિચયાત્મક ફિલ્મો ગોઠવાય છે અને ખાસ નિષ્ણાતો અવારનવાર પ્રવચનો આપે છે. દર વરસે સરેરાશ પાંચ કરોડ માણસો એ બધાં ચિત્રાલયોનો લાભ લે છે એવી ગણતરી કાઢવામાં આવી છે.


સભ્યપદો ઉપરાંત જાહેર ફાળાઓ, ખાનગી સખાવતો અને ખાનગી મંડળોની સહાય એ બધાંના ખર્ચનો ભાર વહે છે. ઘણાં મ્યૂઝિયમોમાં તો સંશોધનકાર્ય પણ ચાલે છે.

યુનાઇટેડ સ્ટેટ્સનું ટ્રેઝરી ખાતું અને સમવાય-કલા-નિયોજન ખાતું મોટાં ભીંતચિત્રોને ઉત્તેજન આપી રહ્યાં છે. શાળાઓ, ગ્રંથાલયો, સભાગૃહો અને સરકારી તથા પ્રજાકીય જાહેર મકાનોમાં અમેરિકન ઇતિહાસના અમર પ્રસંગોનાં ચિત્રો કરાવવામાં આવે છે. મોટી ઇમારતો અને ખાલી દીવાલો પર આવાં ભીંતચિત્રો કરવાનો પ્રચાર આજે અમેરિકામાં ખૂબ છે.

આની સાથે પ્રાચીન ભારતનાં દેવાલયો રાજ્યમંદિરો અને લોકસંઘના ઉત્સવોનાં સ્વરૂપોને યાદ કરો તો સમર્થ અને સમૃદ્ધ પ્રજામાં કેટલું સામ્ય હોઈ શકે તે જણાશે.

ર. મ. શા.





ઉપર—'કામદાર કુટુંબ' નામનું આ જોમદાર શિલ્પમંડળ ન્યૂ યૉર્ક શહેરમાં જાહેર ચોગાનોમાં પ્રદર્શિત થયું છે. ડાબી બાજુ—રશમોર પર્વતના કોરેલાં શિખરમાં જ અમેરિકાના ચાર રાષ્ટ્રપતિઓ—વૉશિંગ્ટન, જેફરસન, રૂઝવેલ્ટ ને લિંકન—નાં વિરાટ કદનાં આ શીર્ષશિલ્પ માઇલો સુધી પ્રજાને દર્શન અને સ્મરણ આપ્યાં કરે છે. (Usowi)



સંસારનાં શહેરો

૪૯-સીમલા

ઉનાળાની ગરમીથી બચવા મુઘલ શહેનશાહે કાશ્મીર તરફ નજર દોડાવી અને શ્રીનગરને પૃથ્વી પરના ફિરદોસ(સ્વર્ગ)નું ઉપનામ મળ્યું. મુઘલાઈ આથમ્યા પછી નવીન સલ્તનતનું ઉપ-પાટનગર થવાનું ને તેને હાથે સ્વર્ગનું જ બિરદ પામવાનું ભાગ્ય, હિમાલયની થોડા પહાડી લોકોથી નિવાસિત આ ટેકરીને સાંપડ્યું. સુંદર શીતળ હવા ને નિસર્ગ-સમૃદ્ધિથી સભર સીમલાનો ઉત્તર તરફનો એક અત્યંત મનોહર ભાગ આજે પણ 'Elysium'-સ્વર્ગ-ને નામે ઓળખાય છે.

સીમલાની શોધ તો અચાનક ૧૮૧૪ના ગુરખાયુદ્ધ પછી એક લશ્કરી ટુકડીને હાથે થઈ હતી. પહેલાં આ આખો પ્રદેશ ગુરખા અમલ નીચે હતો. ૧૮૮૫ના મે માસમાં જનરલ સર ડેવિડ ઑક્ટરલોનીની સરદારી નીચે અંગ્રેજ લશ્કરે માલાઉનનો કિલ્લો સર કરી એ પ્રદેશ કબજે કર્યો. અંગ્રેજ અફસરોને ત્યાંની તાજગીભરી હવા ખૂબ ગમી ગઈ અને તેમણે ત્યાં થોડો સમય મુકામ પણ કર્યો. પણ ત્યાં ખપજોગું રહેઠાણ કરવાનો તો પહેલો પ્રયત્ન પહાડી રાજ્યોના આસિ૦ પોલિટિકલ એજન્ટ લેફ્ટેનન્ટ રૉસે કર્યો હતો—લાકડાનું એક ઝૂંપડું ઊભું કરીને. ત્યાર પછી લેફ્ટેનન્ટ કેનેડીએ ત્યાં પાકું મકાન બંધાવ્યું. તેમને અનુસરી અબાલા વગેરે આસપાસના પહાડી પ્રદેશના અફસરોએ પણ ત્યાં મકાનો બાંધવાં શરૂ કર્યાં, અને ૧૮૨૬માં સીમલાનું નામ જાણીતું થવા માંડ્યું. એક વરસ પછી તેના ઉદયને અદ્‌ભુત વેગ ને તેજ આપતી તેને તક મળી. ભરતપુરનો વિજય પતાવી લૉર્ડ આમહર્સ્ટ ૧૮૨૭નો ઉનાળો ત્યાં ગાળ્યો. પહાડી લોકો જેને 'શીમલ' કહેતા એ મામૂલી ગામડાની સૂરત ત્યાર પછી પલટી ગઈ. લૉર્ડ આમહર્સ્ટ પછીના હાકેમોએ ત્યાં ઉનાળો ગાળવાની પ્રથા ચાલુ રાખી. પહેલાં અનિયમિત ને પછી વ્યવસ્થિતપણે ઉનાળા માટે ત્યાં ઑફિસો ખોલવામાં આવી અને સરકારી અફસરો ઉપરાંત ઉત્તરહિંદના અંગ્રેજો ને શ્રીમંતો માટે પણ એ આકર્ષણનું સ્થાન થઈ પડ્યું.

પંજાબની ઉત્તરમાં, દિલ્હીથી ૧૭૦ માઇલ હિમાલયના ચરણતળે, પૂર્વથી પશ્ચિમ દિશામાં પથરાએલી છ માઈલ લાંબી ટેકરી પર સીમલા વસ્યું છે. દરિયાની સપાટી કરતાં ૬,૬૦૦થી ૮૦૦૦ ફીટની સરેરાશ ઊંચાઇ ધરાવતી એ ટેકરીનો પૂર્વ છેડો હિમાલયના જાકો નામના ઉચ્ચ શિખરને સ્પર્શે છે. તેની છાયામાં શરૂ થઈ, વળાંકવાળા સુંદર માર્ગોથી અંકિત થએલું ને આસપાસની ટેકરીઓમાં વિસ્તરેલું, એ નગર અનેક ભવ્ય મહાલયો, સરકારી ઈમારતો, અંગ્રેજ અને હિંદી બાળકો માટેની શાળાઓ, નાટ્યગૃહો, મંદિરો ને રમતગમતનાં મેદાનોથી ભરપૂર છે. વાઈસરૉય-ભવન અને સેસિલ હૉટેલ ત્યાંનાં ખ્યાત સ્થળો છે. ત્યાંની રિપન ને વૉકર નામની બે મુખ્ય ઈસ્પીતાલો નમૂનેદાર તરીકે પંકાય છે. પણ સીમલા જાતે જ એક આરોગ્ય-ધામ છે. ક્ષણેક્ષણે નવું રૂપ ધારતી ત્યાંની સૌંદર્યલક્ષ્મી ઉપરાંત તેની તંદુરસ્તીભરી હવા અનેકને તેને આંગણે ખેંચી લાવે છે. વસંત ને પાનખર એ ત્યાંની રમણીય ઋતુઓ છે —સ્વાસ્થ્ય ને સૌંદર્ય બંને પૂરાં પાડતી.

પરંતુ આપણે ત્યાં એક સૌંદર્યક્ષેત્ર કરતાં સત્તાના કેન્દ્ર તરીકે સીમલા વધારે ઓળખાએલું—ને તેને અંગે જરા અળખામણું પણ—છે. કદાચ તેથી જ એ કીર્તિકલંકને ધોઈ કાઢવા આજે ઈશ્વરે તેને આંગણે હિંદના સ્વશાસનનું પહેલું સોપાન નિર્ણિત થવાની પુણ્ય પળ આપી છે. સીમલા તેને પ્રીછી ને પુરસ્કારી શકશે તો બહારની સુંદરતાની સાથે આંતરિક સુંદરતાથી પણ એ શોભી ઊઠશે. સીમલા માત્ર 'સોહામણું' ન રહે, એ આપણી રાષ્ટ્રીય આકાંક્ષાનું તીર્થ પણ બને, તેમ ઇચ્છીએ.



'એલાઇઝિયમ'—સ્વર્ગ-ને નામે ઓળખાતી સીમલાની ટેકરીનું દૃશ્ય

કસોટીના ઉત્તરો

(૧) બે નાની છોકરી, એક છોકરી, તેમનાં મા-બાપ અને તેમનાં દાદાદાદી, એ સાતજણ.

(૨)
```
  ૩ ૩ ૩
  ૭ ૭ ૭
૩)૧ ૧ ૧ ૦(૩૭૦
```
(૩) અનુક્રમે પાણી, મીઠું, સુરકો, ચૂનો અને ચાક. (૪) ૭ ઘેટાં. (૫) ૧થી શરૂ કરી ૧,૨,૩,૪,૫,૩,૧,૫,૨,૪ એ બિંદુઓને અનુક્રમે સીધી લીટીઓથી જોડો. (૬) વીજળીની ગાડી ધુમાડો જ ન કાઢે. (૭) દાન્તે–ડિવાઇન કૉમેડી, ગેટે–ફાઉસ્ટ, કાલિદાસ–રઘુવંશ,' હ્યુગો–લા મિઝરાબ્લ, જૉર્કી–મધર, હોમર–ઇલિયડ, શેક્સપિયર–મૅકબેથ, સાદી–ગુલિસ્તાં, મિસિસ સ્ટો–અંકલ ટૉમ્સ કેબિન, સર્વાન્ટિસ–ડૉન ક્વિઝોટ, હાર્ડી–ટેસ, આનાતોલ ફ્રાંસ–થાઈ, બાણ–કાદંબરી, ફિરદૌસી–શાહનામા, ભાસ–મધ્યમ, મિલ્ટન–પૅરેડાઇઝ લૉસ્ટ, ટૉલસ્ટૉય–આનાકૅરેનીના, શૂદ્રક–મૃચ્છકટિક.


ચીનાઈ ભાષામાં શબ્દોના અર્થ તેના ઊંચાનીચા અવાજે કરવામાં આવતા ઉચ્ચાર તથા વાચાના જુદાજુદા આરોહ–અવરોહ મુજબ ફરી જાય છે. આથી એવી ભાષામાં ધીમા અવાજે ઘુસપુસ તો કરી શકાય જ નહિ; કેમકે એમ કરવામાં તો બધા શબ્દોનો એક જ સરખો અવાજ નીકળતો હોવાથી સાચો અર્થ સમજવા ન પામે.

ફોટોગ્રાફી

ફિલ્ટરની પસંદગી

ફોટોગ્રાફીમાં ફિલ્ટર બહુ જ મહત્ત્વનો ભાગ ભજવે છે. સૃષ્ટિમાં નજરે દેખાતા વિવિધ રંગોની સપ્રમાણ અસર લાવવા માટે એ ઉપયોગી સાધન છે, અને સંભાળ તથા સમજપૂર્વક તેનો ઉપયોગ કરવામાં આવે તો ધાર્યું પરિણામ લાવી શકાય. ફિલ્ટર સાથે હમેશાં રંગભેદ પાડી આપનારી ક્રૉમેટિક ફિલ્મો જ વપરાય એ તો સૌ જાણતા જ હશે. એ જાતમાં આવતી ઑર્થોક્રૉમૅટિક ફિલ્મો કે પ્લેટો માત્ર યલો કે યલો-ગ્રીન રંગોને જ અસર કરે છે, જ્યારે પૅનક્રૉમેટિક ફિલ્મો સર્વરંગગ્રાહી છે. તેથી રંગભેદ પકડવા માટે પૅનક્રૉમેટિકનો જ ઉપયોગ કરવો. વળી ફિલ્ટરનો મુખ્ય ગુણ પ્રકાશને હળવો કરવાનો છે, એટલે ફિલ્ટરનો ઉપયોગ કરતી વખતે એક્સપોઝર-સમય વધારે આપવો. કેટલો સમય આપવો તે તો રંગ તથા ફિલ્ટરની શક્તિ તેમજ ફિલ્મ-પ્લેટની શક્તિ-બનાવટ પ્રમાણે નક્કી કરી શકાય.

ફિલ્ટરનો ઉપયોગ કરતાં હમેશાં ધ્યાન રાખવું કે સમાનરંગી (જે રંગની વસ્તુ હોય તે જ રંગનું) ફિલ્ટર વાપરવાથી વસ્તુનો રંગ એકદમ હળવો થશે. એટલે કોઈપણ રંગને ઘેરો બનાવવો હોય તો તેથી વિરોધી ફિલ્ટરનો ઉપયોગ કરવો. દાખલા તરીકે લાલ ફૂલોનો લીલાં પાંદડાં સાથે ફોટોગ્રાફ પાડવો હોય, તેમાં જો ફૂલોને ઉઠાવ આપવો હોય તો ગ્રીન ફિલ્ટર વાપરવાંથી લીલાં પાંદડાંને લીલા રંગનું ફિલ્ટર એકદમ હળવાં બનાવી દેશે, જ્યારે લાલ ફૂલોને એ ફિલ્ટર ઘેરાં બનાવશે. એટલે પાંદડાં અને ફૂલો વચ્ચે વર્ણભેદનો તફાવત પડી જઈ તેઓ એકબીજાથી જુદાં તરી આવશે. નીચે આપેલી આકૃતિમાં કયા રંગ માટે કયું ફિલ્ટર પસંદ કરવું ને તેની પ્રત્યેક રંગ ઉપર શી અસર થશે તેનો કોઠો યોજી બતાવ્યો છે. વર્તુલમાં દર્શાવેલાં ખાનાંમાંના પ્રત્યેક રંગના ફિલ્ટરની અસર તેની બરાબર સામેના ખાનામાં દર્શાવેલા રંગ ઉપર ઘેરી થાય છે; જ્યારે ફિલ્ટરના સમાનરંગી રંગને તે તે હળવા બનાવી દે છે. વર્તુલમાં બતાવેલા ઘેરા ભાગ તે તે ફિલ્ટરથી દૂરના-સામેના રંગો પરની અસરનું પ્રમાણ, ને હળવા ભાગ તે પસંદ કરેલા ફિલ્ટરની નજીકના એટલે કે સમાનરંગી વસ્તુઓના રંગ ઉપરનું પ્રમાણ બતાવે છે. (અંગ્રેજી ઉપરથી)



હરીફાઇનું પરિણામ

પહેલું ઈનામ મોકૂફ; બીજું ઈનામ–'યમલ'(પૂઠા ઉપરનું ચિત્ર), રતિલાલ ગામી (કડી); નોંધપાત્ર (૧) 'રખેવાળ' સુધાકર જે. શાહ–અમદાવાદ, (૨) 'દેડકા ખડક' રમેશ રાવળ–સિદ્ધપુર.

'યમલ'માં ચીબરીઓની લક્ષણાઓને લગભગ સફળતાપૂર્વક ઝડપવા માટે ભાઇ રતિલાલ બીજું ઈનામ જીતી જાય છે; પણ, પક્ષીઓ ઊડી જવાની બીતિમાં કે ગમે તેમ ઉતાવળથી ફોકસિંગ પક્ષીઓ પર થવાને બદલે બેસવાની ડાળી પર થવાથી તેમનાં પીછાંની કુમાશ ને સ્પષ્ટતા જોઇએ તેવાં આવી શક્યાં નથી. બેઠેલાં પક્ષીઓનું સંયોજન સુંદર છે ને પ્રકાશ તેને અનુરૂપ છે. ફોકસિંગની ઉપલી ખામોને લીધે સહેજ માટે ચિત્ર ઉચ્ચ કક્ષાનું થતાં રહી ગયું છે.

પક્ષીઓની ફોટોગ્રાફી ઘણી અઘરી હોય છે જોકે દિવસે ચીબરીઓ દેખતી ન હોવાથી પક્ષીઓની સામાન્ય ચંચળતા આ ચિત્રમાં નડતર રૂપ થવાનો સંભવ નથી; છતાં પક્ષીજીવનના અભ્યાસપૂર્વકના ખંત ને ચાલાકી સાથે કૅમેરા પર અસાધારણ કાબૂ હોય તો જ આ પ્રકારની ફોટોગ્રાફી સાધ્ય થાય. ભાઇ સુધાકર શાહનું નોંધપાત્ર ઠરેલું 'રખેવાળ' ચિત્ર 'આઉટડોર પૉર્ટ્રેટ'નો સારો નમૂનો છે. પાત્રનો પહેરવેશ ને ઊભવાની છટા તેના જીવનનો ખ્યાલ આપે છે. તેજછાયાના વર્ણ પણ ઠીક જળવાયા છે. જમણી બાજુના ખભાનો ભાગ જરા વધારે આવ્યો હોત તો ચિત્ર વધુ જોરદાર બનત. ભાઈ રમેશ રાવળનો આબુ પાસેના પ્રખ્યાત 'દેડકા ખડક' પાડવાનો યત્ન પૂરતા પ્રકાશના અભાવે સાર્થક થયો નથી. આવાં ચિત્રોમાં જગ્યાની ભવ્યતા બતાવવા અગ્રભૂમિ વિશેષ આવે તો સારું. કૅમેરા વાંકો રહ્યો છે એ તો પાછળનાં મકાનો ને ક્ષિતિજરેખા કહી બતાવે છે.

શ્રીદામ ભટ્ટ

ગોપાળ ગણેશ આગરકર (અનુસંધાન પાછળના પૃ. ૧૪૯થી)

ન્યૂ ઇંગ્લિશ સ્કૂલમાં કામ કરતાંકરતાં, (વિષ્ણુશાસ્ત્રી ચિપળૂણકર, આગરકર, ટિળક અને નામજોષી એ ચારે જણાને લાગ્યું કે દેશનું નવઘડતર કરવાના આ નાના સરખા કાર્ય ઉપરાંત, લોકસમુદાયને સામાજિક સડાઓ ને સરકારી ગેરવહીવટ સામે જગાડી તેમની ગુલામીનું ભાન કરાવવાની પણ જરૂર હતી. આ જ ધ્યેયથી પ્રેરાઇને વિષ્ણુશાસ્ત્રીએ તો ૧૮૭૪માં 'ચિત્રશાળા' નામનું છાપખાનું ખરીદી 'નિબંધમાલા' અને 'કાવ્ય-ઇતિહાસ-સંગ્રહ' નામનાં છાપાં શરૂ પણ કર્યાં હતાં. ટિળક અને આગરકરે હવે ૧૮૮૧માં 'કેસરી' (મરાઠીમાં) અને 'મરાઠા' (અંગ્રેજીમાં) એમ બે છાપાં શરૂ કર્યાં. આગરકર મોટે ભાગે 'કેસરી'માં લખતા. એમની પાણીદાર વેધક કલમ અને વિષયોના જ્ઞાનથી પરિપ્લુત એમનું મગજ 'કેસરી'ને મારતે ઘોડે આગળ ધપાવવા લાગ્યાં. એમનું સ્વદેશાભિમાન, સુધારા વિષેનો એમનો તનમનાટ, અજ્ઞાનાંધકાર ફેડવાનો એમનો ઉત્કટ અભિલાષ એમનાં લખાણને હૃદયંગમ બનાવતાં. ટિળકની કલમ પણ એવી જ તેજીલી હતી. સમાજનાં અનેક અનિષ્ટો ને સળગતા પ્રશ્નો પર નિર્ભય ને નિષ્પક્ષ આલોચના કરી એ બંનેએ સીધી, શિષ્ટ, તર્કશુદ્ધ ને તેજસ્વી ભાષા વડે લોકોને ધણધણાવીને તેમની ઊંઘ ઉડાડી દીધી : અને 'કેસરી'-ને નવીન જાગૃતિનું એક બળ બનાવી દીધું. 'કેસરી' અને 'મરાઠા' શું કહે છે એ તરફ સૌની–રાજા પ્રજા બંનેની આતુર નજર રહેતી.

બીજે જ વરસે કોલ્હાપુર દરબારના પ્રકરણને અંગે આકરી ટીકા

કરવા માટે આગરકર–ટિળકને સજા થઈ અને મુંબઈની ડુંગરી જેલમાં બંનેએ એકસો ને એક દિવસ ગાળ્યા. ત્યાંના અનુભવોને આગરકરે 'ડોંગરીચ્યા તુરૂંગાંતીલ એક શેં એક દિવસ' નામની પુસ્તિકામાં વર્ણવ્યા છે. જેલમાંથી છૂટ્યા પછી તેમના સંમાનમાં વિદ્યાર્થીઓએ પણ એક સમારંભ યોજ્યો હતો, તેમાં ગોપાળ કૃષ્ણ ગોખલેએ (ત્યારે તેમની ઉંમર સોળ વર્ષની હતી) ખૂબ ઉદ્રેકભર્યું ભાષણ આપ્યું હતું. એ પ્રસંગે તે આ બંને મહારથીઓના પરિચયમાં પહેલીવાર આવ્યા.

ન્યૂ ઇંગ્લિશ સ્કૂલ ત્રણ વરસ ચાલી ત્યાં તો ફર્ગ્યુસન કૉલેજના રૂપમાં તેનો વિકાસ થયો. આગરકર તેમાં ઇતિહાસ ને સમાજશાસ્ત્રના અધ્યાપક થયા; ને વિદ્યાર્થીઓને ભણવાની વિશિષ્ટ પદ્ધતિ તથા તેજસ્વી મેધાથી એટલા લોકપ્રિય થયા કે પાછળથી કૉલેજના પ્રિન્સિપાલ થયા.

પોતાના અભ્યાસકાળમાં હર્બર્ટ સ્પેન્સર અને મિલના વાચને તેમના માનસ પર એટલી સબળ છાપ પાડી હતી કે એમના સમયના શિક્ષિત જુવાનોમાં પણ જે રૂઢિગત અસર અને પુરાણપ્રિયતા જણાતી તેનો તેમનામાં છાંટો પણ ન હતો. બુદ્ધિની કસોટી ઉપર ટકે તેટલું જ સાચું એમ એ માનતા. વેદવાક્યના નામ તળે સામાજિક અન્યાયોને ચલાવી લેવા એ તૈયાર ન હતા. ન્યાયવૃત્તિને વધસ્તંભે ચઢાવી ધર્માચરણનો મહિમા ગવાતો એ પલવાર પણ ન સાંખી શકતા. અને તે માટે તે લડ્યા, જિંદગી આખી લડ્યા. સાથીઓ ને મિત્રો ગુમાવીને, સમાજનો કપરો ખોફ વહોરીને, સુખની છેલ્લી માત્રાને યે જીવનમાંથી કશા જ દુણાટ વિના રજા આપીને.

એમને મન સ્વરાજ કરતાં સંસારસુધારાનો પ્રશ્ન વધારે નિકટનો ને અગત્યનો જણાતો. ધારાસભાઓ કરતાં વિધવાનાં અશ્રુઓ એમને વધારે કાર્યપ્રવણ બનાવતાં. પ્રજાના અધિકારો કરતાં સ્ત્રીઓ, પશ્ચાત કોમો ને અછૂતોના અધિકારોનો પહેલો વિચાર કરવો જોઇએ એમ એ માનતા. જ્યારે ટિળક વગેરે તેમના સાથીઓ સામાજિક પ્રશ્નોને ગૌણ ગણીને રાજકીય સુધારા માટે લોકજાગૃતિની પહેલી અગત્ય ગણતા. આમ, એ બંને વચ્ચે જોકે મૂળગત સિદ્ધાંતભેદ ન હતો, પણ ભાર વિષે મતભેદ હતો. એટલે ૧૮૮૪માં સ્વ. મલબારીએ બાલવિવાહ સામે ઝુંબેશ ઉઠાવીને તેનો પ્રતિબંધ કરવા સરકારી કાયદાની હિમાયત કરી ત્યારે આગરકર તેને સંપૂર્ણ ટેકો આપીને એ સામાજિક પ્રશ્ન પર 'કેસરી'નું બળ કેન્દ્રિત કરવા તૈયાર થયા. પણ ટિળકે કહ્યું કે આપણે આજે પ્રજાની દૃષ્ટિ, રાજદ્વારી પ્રશ્ન પર કેન્દ્રિત કરવા ઇચ્છીએ છીએ એવે સમયે આવો નાનો સામાજિક પ્રશ્ન હાથમાં લઇ પ્રજાનો સાથ કેમ ગુમાવીએ? બસ; અહીં મતભેદ પડ્યો, ૧૮૮૭માં ગોપાળરાવે 'કેસરી' છોડ્યું ને 'સુધારક' નામનું નવું છાપું કાઢ્યું.

આગરકરે સ્વતંત્ર છાપું કાઢ્યા પછી તો પૂછવું જ શું? વિશદ છણાવટ ને સોંસરા ઘા કરતી એમની કલમ નિર્ભયપણે ચાલવા લાગી. પણ એ જમાનામાં અસ્પૃશ્યતાનિવારણની વાત કરવી, વિધવાવિવાહની હિમાયત કરવી, સ્ત્રીઓના સ્વતંત્ર હક સ્થાપવા નીકળવું કે જ્ઞાતિબંધન તોડી પાડવાની હાકલ કરવી, એ બધું સમાજ ઉપર વજ્રપાત જેવું હતું. ચોમેરથી એમના પર ટીકાઓનો ધોધ વરસ્યો, જેમાં ટિળકપક્ષ પણ સામેલ હતો. એ સમયે ટિળક અને આગરકર વચ્ચે ચાલેલું દ્વંદ્વયુદ્ધ એ મહારાષ્ટ્રના ઇતિહાસનું એક અભાગી પ્રકરણ છે. જે સમાજને સુધારવાને તેઓ અક્ષરશઃ લોહીનું પાણી કરતા હતા, તેને સુધરવાની કશી જ પડી ન હતી; એટલું જ નહિ, પણ તેણે પોતાના આ સાધુ ચરિતસેવકને પૂનામાં રહેવું પણ મુશ્કેલ કરી મૂક્યું. તેમના પર મારવાની ધમકીના કાગળો આવવા લાગ્યા.

પણ આગરકરનું સાંજનું ફરવા જવાનું કદી બંધ ન રહ્યું. એક વાર તો તેમના વિરોધીઓએ તેમની ઠાઠડી બાંધીને પ્રેતયાત્રા કાઢી હતી.

'કેસરી'માંથી છૂટા થયા પછી ગરીબાઇએ પાછી એમના અભ્યાસકાળ જેવી જ ગોપાળરાવની સોબત સાંધી. તેમાં એમની કંતાએલી કાયાને કારમો દમનો વ્યાધિ ભળ્યો ને તેની સાથે સમાજ તરફની આવી પજવણી આવી મળી. છતાં આગરકર ગાંજ્યા જાય તેમ ન હતા. પ્રતિપક્ષીઓને જવાબ આપતાં તેઓ 'સુધારક'ના એક અંકમાં લખે છે: 'આવી ધમકીઓથી ડરીને કોણ સ્વસ્થ બેસશે, 'સુધારક'? જ્યાં લગી કલમથી અર્થબોધક અક્ષરો લખવાની શક્તિ હશે, ને વાંચવા સારૂ એક પણ વાચક હશે ત્યાં લગી એવું સ્ત્રૈણ કામ 'સુધારક'ને અડી પણ શકવાનું નથી.'

જેમજેમ સમાજનો વિરોધ વધતો ગયો તેમતેમ આગરકરનો જુસ્સો પણ વધતો ગયો. તર્કશુદ્ધ દલીલો અને વેધક વિચારશૈલી સાથે સામાજિક અન્યાયો સામે થતી 'સુધારક'ની ગર્જનાઓ ટિળકને પણ આશ્ચર્યમુગ્ધ કરી મૂકતી. એ લખાણોમાંથી ચૂંટેલા નિબંધો આજે પણ વાંચી જવા જેવા છે. એમાં એમની લોકોદ્ધાર માટેની ધગશ, સત્યની પ્રીતિ, નિર્ભયતા, તર્કની તીવ્ર ધાર, શાસ્ત્ર–આપ્ત-ઈશ્વર-પ્રણાલિકા આદિ સુધારાની આડે આવનારાં તત્ત્વોની ચીડ, સમાજના દોષોનું અચૂક જ્ઞાન અને સમાજ પ્રત્યેની સહનશીલ મમતા, એવા અનેક ગુણો ઝળહળી ઊઠે છે. રૂઢિનું અંધ અનુકરણ કરવા ટેવાએલા વિચારશૂન્ય સમાજ પર તેમણે મારેલા ચાબખા સંતકવિ કબીર અને અખાની યાદ દેવડાવે છે. એમણે એ કાળે જે જે પ્રશ્નો ઉઠાવેલા તે આજે તો મોટે ભાગે માન્ય અને પ્રચલિત થઇ ગયા છે, પણ આજથી પચાસ-સાઠ વરસ પહેલાંનો સમાજ એમના એ બોધ પચાવી શક્યો નહિ, ને એમને તથા એમનાં સુશીલ પત્નીને હેરાનહેરાન કરી મૂક્યાં.

છતાં પાવકની એ જ્વાળા વચ્ચે, પોતાને ઇષ્ટ લાગ્યું તે કર્તવ્ય આગરકર બજાવ્યે જ ગયા. દારિદ્ર્યને ચિરસંગાથી બનાવી, દમથી પીડાતા શરીરને પણ કાર્યરત રાખી એમણે સુખડની માફક પોતાના શરીરને સમાજસેવાના ઓરસિયા પર ઘસી નાખ્યું. દમની સાથે યકૃતનો વિકાર અને જલોદરનો વ્યાધિ પણ આવી મળ્યા અને ૩૯ વર્ષની કાચી વયે એ અવસાન પામ્યા.

સ્વ. રાનડે અને ગોખલે તેમના અખંડ મિત્રો હતા. એમના અવસાન પછી ગોખલે એમનો સામાન જોવા ગએલા, ત્યારે એમની પેટીમાંથી એક નાની રકમની થેલી મળી આવી, જેના પર લખ્યું હતું: 'અગ્નિદાહ માટે.' આગરકરને લાગ્યું હતું કે પોતાના મૃત્યુ પછી જો અગ્નિદાહ માટેના પૈસા નહિ હોય તો જીવતાં પોતાને આટલું પજવનાર સમાજ, જરૂર પોતાના શબને ફેંકી દેશે! પોતાના ખાંપણની પણ આમ આખરી તૈયારી કરી ગએલા એ મહાપ્રાણને, એ થેલી જોઇ, ગોખલેની આંખે આંસુની અંજલિ આપી.

માનવ સમાજના વિકાસના ઇતિહાસમાં વિરલ વિભૂતિઓએ જે નિઃસ્વાર્થ સેવા આપી તેણે જ આજનો વર્તમાન નિર્માણ કર્યો છે. દાણાથી ફાટફાટ થતાં ડૂંડાના ભારે લચી પડતી સમૃદ્ધ ખેતીની નીચે જાતને ખાતર કરી નાખતા દાણા પડ્યા હોય છે. ઝગારા મારતા સુવર્ણ કળશ ને ઉન્નત શિખરો સોહાવતાં મંદિરોના પાયામાં પુરાઇને પડેલા કાળમીંઢ પત્થરોને પૂછવાથી જ એ સૌંદર્ય પાછળની ખરી મહત્તાનું ભાન થશે. સમાજના અસહ્ય પીડન સામે પણ તેની સેવાનું પોતાનું અસિધારાવ્રત ચાલુ રાખનાર એ આગરકરને મહારાષ્ટ્ર આજે ગુરુસ્થાને માને છે.

(ગો.દી.ભટ્ટ, રા.સોમણ, ન.ર.ફાટક આદિના લેખોને આધારે સંપાદિત)

રસદર્શન

પોતાને સૌન્દર્યલોકમાં પ્રવેશ કરાવનાર જીવન-પ્રસંગોનાં સંસ્મરણો——લેખક

[૧૬]

ડૉ. હરિપ્રસાદ વ્ર. દેસાઈ

વર્ષાઋતુના સૂર્યાસ્ત જોવા હું હમેશાં ઉત્સુક રહું છું. એ માટે અમદાવાદમા શાહ આલમના રોડા પર ચડીને, ચંડોળા તળાવ ઉપરથી, કાંકરિયાની પાળેથી, એમ ઘરઆંગણે રહીને મેં કેવી 'રંગરંગ વાદળિયાં' જોઇ છે એ મેં અગાઉ જણાવ્યું છે હવે પાછી વર્ષાઋતુ આવી છે ને વર્ષાદ વરસતો હશે તો પલળીને પણ હું એ જોવા જવાનો. મારી પવનપાવડી જેવી સાઇકલના પ્રતાપે હું દૂરદૂરનાં સ્થળોના સૂર્યાસ્તની શોભાનું પાન કરી શકું છું.

જીવનમાં કદી ન વિસરાય એવા સૂર્યાસ્ત મેં બે સ્થળેથી જોયા છેઃ એક આબુના સનસેટ પૉઈન્ટ (સૂર્યાસ્ત શિખર) પરથી અને બીજો દાર્જિલિંગના એક ડુંગર શિખર પરથી.

આબુમાં તો, પૃથ્વી પરથી સૂર્ય અસ્ત થઈ ગયા પછી લગભગ અરધા કલાક સુધી એ તેજહીન થઈ ગએલો ગોળો ક્ષિતિજની પણ નીચે, ધીમેધીમે અદૃશ્ય થતો જોવાની બહુ મઝા પડે છે. જેની જહોજલાલીના કાળમાં એક ક્ષણ પણ નજર માંડવી મુશ્કેલ હતી તેને, એની પડતીના સમયમાં એકીટશે જુઓ તો એ હવે સત્તાહીન થઈ ગએલા સમ્રાટ જેવો નિરુપદ્રવી લાગે છે. વાદળામાં લપટાએલો હોય છે ત્યારે ગ્રહણ વખતના સૂર્ય જેવો લાગે છે, અને ચોખ્ખો હોય છે ત્યારે ચંદ્ર જેવો લાગે છે. સાન્ધ્ય ગાયત્રી માટે કે સાયંકાળની પ્રાર્થના માટે આબુનું એ 'સૂર્યાસ્તશિખર' મને તીર્થ જેવું લાગ્યું છે.

દાર્જિલિંગમાં જે સૂર્યાસ્ત જોયો તે તો ભવ્ય અને અલૌકિક હતો. માત્ર પશ્ચિમ દિશા જ નહિ, પણ આખું આકાશ જાંબુડા, ભૂરા, સુનેરી કોરવાળા ગુલાબી, પીળા અને લાલ રંગોથી જાણે છલકાઈ જતું હતું. આ આ બધા રંગોના પલટા પણ એટલી ઝડપભેર અને એટલી સેંકડોની સંખ્યામાં થતા કે રંગોની એ રમઝટ ને મિશ્રણ જોઇને આપણે કોઈ દિવ્ય ભૂમિમાં વિહાર કરતા હોઇએ એવું લાગતું હતું. બત્રીસી રસોઇ અને તેત્રીસાં શાક અથવા છપ્પન ભોગનાં ભોજન સાંભળ્યાં છે; પણ આ તો સહસ્ર ભોગ હતા, અને એવાં કે જેનાથી પેટ તણાઈ જવાનો કે અકરાંતિયા થવાનો કોઈ ભય નહોતો. દશે દિશાઓમાં રંગોની હેલી ઊલટી હતી. બાંજવે નહિ કે ડુબાડે નહિ એવાં માયાવી જળોમાં જાણે તરતાં હોઇએ એવું લાગતું હતું.

દગ રસભર મોરે દિલ છાઇ રહી,
છાઈ રહી, છલકાઈ રહી—દગ૦

સ્વ. મણિલાલ નભુભાઇએ એક અખંડ રસના સાક્ષાત્કારનું એ જે ગાન ગાયું છે તેના કરતાં યે રૂપરૂપના સાગર એવા આનન્દનિધિમાં આહીં અમને તરવાનું મળ્યું હતું. ભગવાન સ્વયં રૂપનારાયણ થઇને આહીં આવ્યા હતા.

દાર્જિલિંગનો સૂર્યોદય આખી દુનિયામાં વખણાય છે. અમે એ જોવા કકડતી ઠંડીમાં સવારે ત્રણ વાગે ઊઠયા ને ઘોડાં પર બેસી ઝોકાં ખાતાખાતા સૂર્યોદય શિખર પર જવા નીકળ્યા. સાડાચાર વાગ્યા પહેલાં તો ત્યાં પહોંચી જવાનું હતું, કારણ કે દાર્જિલિંગ હિંદુસ્તાનના લગભગ પૂર્વ છેડે આવ્યું છે ને વળી હિમાલય જેવા ઉચ્ચોચ્ચ શિખરની ટોચ છે, એટલે ત્યાંથી તો એટલો વહેલો જ દેખાય.

રસ્તો વિકટ હતો, રાત અંધારી હતી, કેડી સાંકડી અને ઊંડી ખીણોમાં થઇને જતી હતી. આવું ગંભીર જોખમ અમે કેમ ખેડી રહ્યા છીએ એવા પ્રશ્નો પણ મનમાં ઉદ્ભવતા. મીઠી હુંફાળી પથારીની નિદ્રા છોડીને મૂર્ખાઓના સ્વર્ગને જોવા —ઊંઘ વેચીને ઉજાગરો લેવા જઇએ છીએ એમ પણ લાગતું હતું. પરંતુ કોઈ અગમ્ય પુણ્યના યોગે જ્યારે આ રમણીય પૃથ્વી પર અવતાર લીધો છે ત્યારે એનો વિરલ સૂર્યોદય જોયા વગર તો પાછા ન જવું જોઇએ એમ નિશ્ચયને દૃઢ કરતા હતા.

આખરે એ સ્થળે પહોંચ્યા. થોડી વારે પ્હો ફાટયો અવનવા અવાજ વડે એની નેકી પોકારતાં પક્ષીઓ બોલવા લાગ્યાં અને સુસવાટા મારતો પવન છૂટયો.

પરતુ આકાશ વાદળાંથી ઘેરાએલું હતું અને કોઈ પણ જાતના ભભકા વગરનો ફિક્કો, મ્લાન સૂર્યોદય થયો. અમને નિરાશા થઈ. તેમ છતાં દૃશ્ય રમણીય તો હતું. અને સ્થળની શોભા, શાન્તિ, ધીર ગંભીર વૃક્ષોની પશ્ચાદ્ભૂમિ અને ધીમેધીમે ખુલતાં આવતાં ગિરિશૃંગો અને ખીણો પરથી ઉપડતા પડદાથી જીવનમાં કદી નહિ જોએલું એવું તો જોયું.

બીજે દિવસે પણ વાદળાં હતાં. ત્રીજે દિવસે તો વર્ષાદ આખી રાત રહ્યો અને દાર્જિલિંગનો પૂર્ણ રોનકદાર સૂર્યોદય જોવાની આશા અમે છોડી.

અમારી માફક એક અંગ્રેજ બાઈ પણ દાર્જિલિંગના સૂર્યોદયની કીર્તિ સાંભળીને તે સમયમાં લાગલાગટ આઠ દિવસ એ સ્થળે જઇ આવી હતી, પરંતુ ખરો સૂર્યોદય તો જોયા વગર જ એને દાર્જિલિંગ છોડવું પડયું હતું. પાછળથી તપાસ કરતાં માલૂમ પડયું કે ઑગસ્ટ-સપ્ટેમ્બરમાં જઇએ નહિ ત્યાં સુધી ખરો જાજ્વલ્યમાન સૂર્યોદય, જેને માટે દાર્જિલિંગે પૃથ્વીમાં કીર્તિ સંપાદન કરી છે તે જોવા નહિ મળે. હજી મારા મનમાં એ અભિલાષ ખરો, કે એ સૂર્યોદય જોયા વગર આ મૃત્યુલોકમાંથી વિદાય ન લેવી.

એ પ્રાતઃકાળે સૂર્યોદય તો માત્ર રૂપિયે ચારપાંચ આની જેટલો જ જોયો, પણ હિમાલયનાં અવનવીન પંખીઓના જે મીઠા સરોદો ત્યાં સાંભળ્યા તે તો કદી ભુલાવાના નથી. એ રાગમાધુર્યથી સૂર્યોદયનો સમય છવાઇ ગયો હતો. એને પ્રતાપે બધું મંગલ લાગતું હતું. પંખીનાં એ આરતીગાન વિના એ મોટી ભેખડો, ઊંડી ખીણો ને વિકરાળ પથરા ખાવાધાત.

પછી તો હું પેટભરીને એ અવાજો સાંભળવા એક એકાન્ત સ્થળે આંખો મીંચીને એવો બેઠો કે પેલી સૂર્યાસ્તની રંગસૃષ્ટિની જેમ આ નાદસૃષ્ટિએ પણ મારી ઇંદ્રિયો, મન, પ્રાણ અને આત્માને ઓતપ્રોત કરી દીધાં.

બીજે દિવસે આ પક્ષીઓની એક વાત વાંચી. પચાસેક વર્ષ પર અત્રેના ચાના બગીચાવાળાઓના ઉછૃંખલ છોકરાઓએ શિકાર કરીકરીને આ સુંદર પાંખોવાળાં અને મધુર બોલીવાળાં પક્ષીઓનો ઘાણ કાઢી નાખ્યો અને આ ગિરિપ્રદેશ લગભગ સૂનો થઇ ગયો.

પણ એક ભલો પાદરી એ સૂનકાર સહન ન કરી શકયો. એ યુરોપ ઊપડયો. આલ્પ્સ પર્વતના જુદાજુદા ભાગોમાંથી આહીં હતાં એવાં પક્ષીઓ મેળવીમેળવીને બહુ મહેનતે અને ખર્ચે એ બધાંને એ આહીં લાવ્યો અને પછી એ હજારો પંખીઓને આ ફળદ્રુપ ભૂમિમાં છોડી મૂકયાં. પછી તો આહીં એમનો કુટુંબ વિસ્તાર બહુ વધી ગયો. અમે જે પક્ષીઓ સાંભળ્યાં તે પેલા ના પાદરી આણેલાં નરમાદાઓનાં વંશજો હતાં.

'દાર્જિલિંગ ટાઈમ્સ'માં દર અઠવાડિયે એક વિનતિ પત્ર છપાતો. તેમાં ઉપરની કથા અને એ પાદરીના નામ સાથે અહીંના બગીચાવાળા અને બીજા શિકારીઓને વિનતિ કરવામાં આવતી કે હવે કોઈ આ પક્ષીઓને મારશો નહિ અને આ સુંદર પ્રદેશને પક્ષીઓના કિલકિલાટ વગરનો કરવાનું પાતક કરશો નહિ.

(ચાલુ)

Our Friends Abroad

પરદેશી મિત્રોના પત્રો

—આ પત્ર મેળવનાર : ગોપાલદાસ સી. શાહ, વડોદરા—

512, 10th Avenue
Valley City (North Dokota, U.S.A.)

પ્રિય ગોપાલ, ઑગસ્ટ ૨૪, ૧૯૩૯

વૅકેશન ગાળીને પાછો આવતાં, ટપાલમાં તમારો પત્ર આવીને પડેલો જોયો. હું હમણાં જ મિનિયાપોલિસ(મીનેસોટા)થી ચાલ્યો આવું છું. યુનાઇટેડ સ્ટેટ્સના મધ્ય ભાગનું એ પ્રમુખ નગર છે. મને તો ત્યાં ખૂબ મજા આવી. ૧,૬૦,૦૦૦ની વસતિવાળુ એ શહેર છે. આસપાસ સરોવરો આવેલાં છે. મેં હોડીમાં બેસી કેટલાંકમાં સફર પણ કરી. અમારા નૉર્થ ડાકોટામાં તો આ નવતર વસ્તુ ગણાય કારણ કે અમારે ત્યાં કોઈ સરોવર જ નથી. મારા ગામથી મિનિયાપોલિસ ૪૦૦ માઈલ દૂર છે.

પાછો આવતાં તમારો આ કાગળ જોઈ મને ખૂબ આનંદ થયો. તમારી વાત સાચી છે કે જો આપણે અવારનવાર લખતા નહિ રહીએ તો તેનું અંતર બહુ વધી જશે. હું એમાં સહમત છું

આ વૅકેશન વખતે ચિત્રો આદિનું સૌથી મોટું સંગ્રહસ્થાન મેં જોયું. અને જેના વિષે પહેલાં હું કશું યે નહોતો જાણતો એ હિન્દના વસવાટ-સ્થળો પણ ત્યાં મને જોવા મળ્યાં. દુનિયાભરના વિખ્યાત ચિત્રકારોનાં ૧૧૭ મૂળ ચિત્રો પણ મેં નજરે નિહાળ્યાં. આ સંગ્રહની કીમત આશરે એક અબજ ડૉલર થાય છે, જે યુનાઇટેડ સ્ટેટસમાં ભારે જંગી કહેવાય. મીનેટોન્કા સરોવરનો હોડીઓનો મેળો પણ મેં જોયો, જેમાં દુનિયા આખીની જાણીતી હોડીઓનું પ્રદર્શન થાય છે. હિન્દની પણ થોડી નૌકાઓ ત્યાં હતી જે મને અત્યંત સુંદર લાગી. હોડીઓની શરતનું આ સ્થાન મીનેટોન્કા સરોવર અમેરિકન ઈન્ડીઅનોની એક જાત પરથી પડ્યું છે. ભૂમિખંડ વચ્ચે આવેલાં જગતનાં મોટામાં મોટાં સરોવરોમાંનું એ એક છે.

યુનાઇટેડ સ્ટેટ્સના મધ્યભાગમાં તો હું હવે બધે જ ફરી વળ્યો છું. ઇચ્છા છે કે બીજા ભાગો પણ સત્વર જોવા મળે.

તમારે ત્યાંના કરતાં અમારી શિક્ષણપદ્ધતિ જુદી છે. અમને બધું અંગ્રેજી ભાષામાં જ શીખવાય છે. શરૂમાં તો પાંચ વરસના બાળક માટે એક બે વર્ષ કિન્ડરગાર્ટનની શાળાઓ હોય છે. છઠ્ઠા વરસથી અમને પહેલી શ્રેણીમાં દાખલ કરવામાં આવે ને એ પ્રાથમિક શિક્ષણને પૂરૂં કરતાં છ વરસ લાગે. ત્યાર પછી બે વરસ જુનિયર હાઇસ્કૂલનાં, જેમાં હાઇસ્કૂલની તૈયારી કરી શકાય. હાઈસ્કૂલનો ચાર વર્ષનો કોર્સ પૂરો કર્યે કૉલેજમાં પ્રવેશ મળે, જ્યાં ગ્રામ-અધ્યાપનની ડિગ્રી બે વર્ષે મળે. તમારી બી.એ. ડિગ્રી માટે ચાર વર્ષ લાગે; વકીલ થવું હોય તો સાત વરસ, દાક્તર થવા માટે દસ, વગેરે. તમે તમારા જીવનકાર્ય માટે શું નક્કી કર્યું છે ? મેં તો કાં નાટ્યલેખન કે કાયદા બાબત અરધોપરધો નિર્ણય કર્યો છે આ વરસે હું કૉલેજમાં દાખલ થઈશ—બે અઠવાડિયાંમાં જ.

આ વખતે હું મારો ફોટો મોકલું છું. આ વરસે હાઇસ્કુલ પસાર કરીને મેં એ પડાવેલો છે. ચાર વરસના હાઇસ્કૂલના ચાલુ અભ્યાસક્રમને મેં ત્રણ વરસમાં પૂરો કર્યો એ મેં તમને લખ્યું છે કે નહિ તે મને યાદ નથી. એ વસ્તુ ભારે આકરી છે.

આ સાથે થોડી અમેરિકન ટિકિટો ને સિક્કા મોકલું છું. હું ધારૂં છું કે તમારા દેશના સિક્કાઓનો પણ વિનિમય તમે મારી સાથે કરશો. આ પત્ર પરની ટિકિટ ખાસ જોજો. અમારી પનામા નહેર બંધાયાના સ્મરણમાં તે હમણાં ખાસ કાઢવામાં આવી છે. એવી દરેક જયંતી પ્રસંગે મર્યાદિત સંખ્યામાં આવી ટિકિટો બહાર પાડવામાં આવે છે. તમારા પત્ર માટે મને એ આ છેલ્લી ઘડીએ જ મળી ગઈ.

તમારા દેશમાં બહુ ઝાઝા રેડિયો નહિ હોય. અમારા યુનાઇટેડ સ્ટેટ્સમાં તો કિસમકિસમના મળે છે. અને તમારે ત્યાં રેડિયો સ્ટેશન કેટલાં ? અમારે ત્યાં તો તેની સંખ્યા થોડાક હજાર સુધી પહોંચે છે ! એક તો અમારા શહેરમાં જ છે. ગયે વરસે પનામા નહેરની જયંતી ઉજવાઈ તે વેળાના બ્રોડકાસ્ટ ઉપર હું હતો. એ વસ્તુ ભારે રોમાંચક છે. તમે એવો અનુભવ કદી લીધો છે ?

અને તમારે ત્યાં બોલપટગૃહો તો છે કે નહિ? જો કે મને ખબર છે કે તમારે ત્યાં બોલપટ ચિત્રો તો હોય છે; પણ તેના નિર્માતા ને અભિનેતાઓ પણ ત્યાંના જ છે ? મેં મારા કોઈ પણ પત્રમાં એના વિષે કાંઇ વાંચ્યું જ નથી. આપણે જો એકબીજાને પરસ્પરનાં સામયિકો મોકલવાનું રાખીએ તો રસ પડશે. અમારા ગામમાંથી એક દૈનિક નીકળે છે એ હું તમને મોકલાવીશ ને એમ બીજાં પણ આપણે અદલબદલ કરી શકીશું.

હું ધારૂં છું કે આ વરસે અમારે ત્યાં ભરાએલા બે વિશ્વમેળાઓ વિષે તો તમે સાંભળ્યું હશે. થોડા સમયમાં જ તેમાંથી એક જગ્યાએ જવાની હું આશા રાખું છું મારે બંને જગ્યાએ સંબંધીઓ છે, એટલે એમાંથી ગમે તે સ્થળે હું જઈ શકીશ. અને ન્યૂયૉર્કનો મેળો તો હજુ ત્રણ વર્ષ સુધી ચાલવાનો છે, એટલે તે તો ગમે ત્યારે જોઈ શકાશે. બંને જગ્યાના કેટલાક ફોટાઓ પછીના પત્રમાં હું મોકલીશ.

તમારા તરફથી સત્વર સાંભળવાની આશા રાખુ છું. અને મને એની ખાતરી જ છે. હૃદયપૂર્વક તમારો રેમન્ડ

નવા પત્રમિત્રો

અવિનાશ એચ. પટેલ, પો. બૉ. ૨૨, ઝાંઝીબાર(બ્રિ.ઈ આફ્રિકા) નુરૂદ્દીન ન. નાનજી, પો. બૉ. ૨૧૭, કમ્પાલા (યુગાન્ડા–બ્રિ. ઇ. આફ્રિકા); બંને જણ હિંદ તથા અમેરિકાના પત્રમિત્રો ચાહે છે. આફ્રિકાનાં સરનામાં કોઈ ઈચ્છશે તો મોકલશે. ચન્દ્રકાન્ત વિ. પંડિત પંડિતસ્ટ્રીટ કવિભુવન આણંદ; ઠાકોરલાલ પ્રહલાદજી બ્રહ્મભટ્ટ, ૧૯૦૭અ રણછોડજીની પોળ, સારંગપુર, અમદાવાદ.

ℂ યુદ્ધકાળની અસરથી અનિયમિત થએલી ટપાલ વ્યવસ્થા રાગે પડતી જવાથી તાજા પત્રવ્યવહારો મેળવવા હવે ધીમેધીમે શક્ય બનવાની આશા છે. વાચકો તરફથી એવી નવી સામગ્રી મળતી થાય ત્યાં સુધીમાં નછૂટકે આવા જૂના કાગળો પ્રકટ થશે. પણ જેમાં કોઇ વિશિષ્ટ માહિતી હોય એવા જ કાગળો વાચકો મોકલે.

ગુજરાત સાહિત્ય સભા તરફની વાર્ષિક સમીક્ષા

ગુજરાત સાહિત્ય સભા (અમદાવાદ) તરફથી વર્ષોવર્ષ કરાવવામાં આવતી, વાર્ષિક વાઙ્મયની સમીક્ષાનું કામ આ વર્ષે સાહિત્ય વિભાગ માટે પ્રો. અનંતરાય મ. રાવળને (૧૦, હીરાબાગ, એલિસબ્રિજ અમદાવાદ) તથા વિજ્ઞાન વિભાગ માટે પ્રો. ધનજીભાઇ ફકીરભાઇને (કલ્યાણ સોસાઇટી, એલિસબ્રિજ અમદાવાદ) સોંપાયું છે. સૌ લેખક-પ્રકાશકોને પોતાની કૃતિઓ તથા પ્રકાશનો તેમને મોકલવાની વિનતિ છે.



માધુકરી

જોબનભરી નરજાતિઓ ઉન્નતિપથ ઉચ્છળંત,
બુદ્ધિ હૃદય ચારિત્ર્યના વિજયકેત ફરકંત;
ધુધવતી હર્ષગભીર મહંત.

અરસલ કુલવ્રત આપણું એ જોબન, એ પંથ,
રાજયોગ એ, આર્યહોત્ર એ, ફરી કરો જીવંત;
નવો મંગલ યુગ વર્તાવંત.—બ. ક. ઠાકોર

જેમ ડૂબી ગએલો સૂરજ રાત પૂરી થયા પછી ઊગ્યા વગર રહેતો નથી, તેમ સ્વતંત્રતાનો ખ્યાલ પણ ફરી ઊગ્યા વગર કદી રહેતો નથી. સ્વતંત્રતા એ આત્માનો ગુણ છે. અને તેથી તે આત્મા જેવી જ અમર છે.

કાલેલકર

શ્રી બળવંતરાય ઠાકોર

વિલય પામતા જમાનાની ચિરંજીવ સ્મૃતિ સમા, જૂનાની સમૃદ્ધિ સાથે નવીનોને પણ માર્ગસૂચક થતા ગુજરાતી સાહિત્યના ગત યુગના બે પીઢ મહારથીઓમાંના એક છે શ્રી બળવંતરાય ઠાકોર. પરસ્પર વિરોધી તત્ત્વોનો સુંદર સમન્વય સાધતી આવી વિચક્ષણ પ્રતિભા જમાનાઓ સુધી જોવા નથી મળતી. વિવેચકની સૂક્ષ્મ પૃથક્કરણ શક્તિ સાથે કવિની સર્વદર્શી સર્વસ્પર્શી દૃષ્ટિ, કઠોર ને કર્કશ લાગતાં દેહ ને વાણીની પાછળ વત્સલતા-ભીંજ્યું કોમળ હૃદય, ક્રૂઝેડરના ઝનૂન સાથે વેદવારાના અભ્યાસનિષ્ઠ બ્રાહ્મણની શાંતિ, ઝીણી ઝીણી ગણતરી કરવાની સાથે વસ્તુને સમગ્રપણે, સ્થળ-કાળના નિયમોથી સપ્રમાણ વિલોકવાની ધર્મબુદ્ધિ,—આ બધાનો સરવાળો એટલે પ્રાધ્યાપક ઠાકોરનું આકર્ષતું ને આઘાત પણ કરતું પ્રભાવશાળી વ્યક્તિત્વ.

ઇ. સ. ૧૮૬૯ના ઑક્ટોબરની ૨૩મી તારીખે ભરૂચમાં બ્રહ્મક્ષત્રિય જ્ઞાતિમાં તેમનો જન્મ. શાળાજીવન બહુ તેજસ્વી રીતે પસાર કર્યું. કૉલેજનો ગાળો પણ વિવિધ માનસંપાદનથી વીતાવ્યો અને ૧૮૮૯માં અંગ્રેજીમાં પ્રથમ વર્ગમાં સર્વ પ્રથમ આવી બી.એ. પાસ થયા. ત્યાર પછી ડેક્કન કૉલેજમાં દક્ષિણા ફેલો નીમાયા ને યુનિવર્સિટી ઈનામી નિબંધમાં સુવર્ણ-ચંદ્રક પણ પ્રાપ્ત કર્યો. કરાચી ને વડોદરા, અજમેર, પુણા ને રાજકોટ એમ વિવિધ સ્થળે તેમણે અધ્યાપનનું કાર્ય કરેલું છે. કવિતાના કસબી ઉપરાંત વિશેષ તો એ સ્વયંપ્રજ્ઞાભર્યા પ્રખર વિદ્વાન છે. ઇતિહાસ કે અર્થશાસ્ત્ર, ફિલસૂફી, છંદશાસ્ત્ર કે ભાષાવિજ્ઞાન બધે જ તેમના હાથ મેધાભરી ને મજબૂત પકડથી પહોંચી શકે છે. સાહિત્યમાં તેમની પ્રયોગશીલતા જાણીતી છે, પણ એ નવનવા અખતરા દ્વારા પ્રવેશતી તેમની સ્વતંત્ર વિચારતત્ત્વની સામગ્રી વધારે જાણવા યોગ્ય છે, સમજવા યોગ્ય છે. ૧૯૦૫માં શાકુન્તલનો સમશ્લોકી અનુવાદ બહાર પડયા પછી અનેકવિધ વિષયોમાં તેમનું અર્પણ અવિરતપણે ચાલુ જ રહ્યું છે. 'પ્લુટાર્કનાં જીવનચરિત્રો', કાવ્યસંગ્રહ 'ભણકાર', નાટક 'ઊગતી જુવાની' નવલિકા સંગ્રહ 'દર્શનિયું', 'અંબાલાલભાઇ'નું જીવનદર્શન, ને ચિંતનપ્રપૂર્ણ મહાનિબંધ 'લિરિક' આદિ બહુવિધ સિદ્ધિસ્રોત તેમનાં જીવનપ્રવાહ સાથે વહેતા ને વધતા ચાલ્યા જ આવ્યા છે. પ્રતિભાની એક વ્યાખ્યા છે લેખકના સર્જનનું બળવંત સાતત્ય. અને એ હિસાબે પ્રા૦ બળવંતરાયનાં કવિતા, વિવેચન નાટક, ઇતિહાસ, જીવનદર્શન ને બીજા વિષયોનાં અભ્યાસનીય પુસ્તકો તેમજ હજુ યે સામયિકોમાં છુટકછુટક વેરાયેલા લેખોનું સ્મરણ કરીએ ત્યારે પ્રાણ અને પ્રેરણાની કેવી અણખૂટ ધારા તેમના માનસના તીરપ્રાન્તે વહી રહી છે તેનો ખ્યાલ આવશે. સાહિત્યસર્જન ઉપરાંત તેમની વ્યવસ્થાશક્તિના નમૂના તરીકે રાજકોટમાં મળેલી ત્રીજી સાહિત્ય પરિષદ શાખ પૂરશે.

પ્રા૦ બ. ક. ઠાકોર એ ગુજરાતનું જંગમ જ્ઞાનતીર્થ છે. જીવનનાં ૭૫ વર્ષ વટાવી જ્યારે એ વણથાક્યા યોદ્ધા શા આગળ વધે છે ત્યારે તેમની સેવાનો મિત્રો-પ્રશંસકો દ્વારા થએલો સમાદર ઉચિત છે, એટલું જ નહિ પણ ઋણભાર હળવો કરવાનો ગુજરાતને માટે એ મંગળ અવસર છે. તેમને પોણોસો વર્ષ પૂરાં થયાના અવસરે તેમની સેવાઓનું કાયમી સ્મરણ આંકવાના ઇરાદાથી ઊભા કરવામાં આવેલા સ્મરણનિધિમાં ૬૭,૦૦૦ રૂપિયા એકઠા થયા છે. એ ભંડોળમાંથી દર વરસે એકએક સ્નાતકને ગુજરાતી ભાષા, કળા ને કવિતાનું સંશોધન સોંપવાનું અને તે માટે રૂા. ૭૫ની તેને માસિક શિષ્યવૃત્તિ આપવાનું અને તે ઉપરાંત, એમ. એ.ના સર્વશ્રેષ્ઠ વિદ્યાર્થીને દર વરસે બસો–સવા બસો રૂપિયાના બ.ક.ઠા. સુવર્ણચંદ્રકનું પ્રદાન કરવાનું ઠર્યું છે. આ યોજના વિદ્યાસેવીઓની કદર રૂપ તો થશે જ, ઉપરાંત વિદ્યોપાસના જ જેમનું જીવનકાર્ય છે એ પ્રા૦ ઠાકોરના નામને પણ અમર બનાવશે.



કવિતામાં સૉનેટના આદિ પ્રવર્તક; છંદોના અખતરાબાજ, ઊંડી સૂક્ષ્મબુદ્ધિ અને રસદૃષ્ટિવાળા વિદ્વાન, સરસ વિચારક ને સમર્થ ચિંતક, ઉત્કૃષ્ટ ગદ્ય લેખક, વ્યંવસાયે બ્રાહ્મણ, સ્વભાવે ક્ષત્રિય, લેખન-પ્રકાશનના ધંધામાં વૈશ્ય અને સરસ્વતી દેવીની સેવા ઉપાસનામાં શૂદ્ર આ એમના જીવનનું સર્વવર્ણીય ચિત્ર.

અબ્રાહમ લિંકનનું શિક્ષણ

શાળાનાં મોટાં ને ભવ્ય મકાનોમાં ચકચકિત ટેબલ પાટલી પર અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ તથા તેમને શિક્ષણ આપતા અધ્યાપકો જૂની ગામડી નિશાળો તરફ કંઈક ઘૃણાની નજરથી જુએ છે કેમ જાણે વિપુલ સાધનો ને વિશાળ ઓરડાઓ જ વધારે મોટું શિક્ષણ આપી દેતાં હોય! જ્યારે ખરી વાત એ છે કે ઝગઝગ કરતી વર્ષાને ટાણે, પવનના ઠંડા સુસવાટામાં, જીવવા માટે મરણિયો પ્રયાસ કરતા તેલના દીવાને અજવાળે, અંધારી ઓરડીમાં જ્ઞાનની પરિશોધ કરતી ઉત્સુક આંખો પર જ સરસ્વતીનાં નેણ મંડાય છે. અને એવે ખૂણેથી જ દુનિયાની પલટ કરી નાખતા મહાવીરોને તે આંગળી પકડીને ઊંચકી લે છે. યુનાઈટેડ સ્ટેટ્સના કેન્ટુકીના ખડકાળ વિસ્તારમાંથી લાકડાની ઝૂંપડીમાં અધ્યયન કરતા એક બાળકને તેણે આમ જ ઊંચકી લીધેલો—ભવિષ્યને માટે અમેરિકાના રાષ્ટ્રપતિને સ્થાને તેને અબ્રાહમ લિંકન તરીકે આસન આપવા.

લિંકનનું શિક્ષણ એક આ પુરાણી ઢબની પણ જીવંત શિક્ષણ-પ્રણાલિનો અજબ દાખલો છે. તેનો ઘણોખરો નિવાસ સતજુગિયા ગામડિયા જેવા તેના ગુરુ મૅન્ટર ગ્રેહામને ત્યાં જ રહેતો. પોતાના પાઠનું મનન કરતો, ગુરુને પૂછતો ને સમાધાન મેળવતો એ એકાંત રાત્રિને સમયે તેમની સાથે ખેતરો ખૂંદવા નીકળી પડતો. ગુરુ શિષ્ય વચ્ચે ભારે એકદિલી હતી. એક વેળા આવી શિક્ષણપદ્ધતિ વિષે જ મૅન્ટર ગ્રેહામે કહેલું, 'લાકડાની ઝૂંપડીમાં અપાતું શિક્ષણ છેક જૂનુંપુરાણું ને પછાત હતું એવી જે સામાન્ય માન્યતા છે તેને મરેની ઇંગ્લિશ રીડરનું સાંકળિયું જોતાં જ ખોટી પાડી શકાય. આજે કેટલા અમેરિકનોએ ડૉ. જ્હોન્સન બ્લેર અને સીસેરોના, તેમના અભ્યાસમાં આવતા વાક્યખંડો, પ્લીની ને એડીસનની દલીલો, ગોલ્ડસ્મિથ ને ફેનેલોનાં વર્ણનો, એડીસનના 'સંતોષ' ઉપરના ને ક્વીન્ટીયસ કર્ટિયસના 'ગુલામી' ને 'સ્વાતંત્ર્ય' પરના નિબંધો વાંચ્યા છે, ચર્ચ્યા છે, પચાવ્યા છે ને સ્મૃતિમાં ગોખીકા કર્યા છે? આ યાદીમાં મહાન કવિઓનાં સો જેટલાં કાવ્યોનો સમુચ્ચય, અને 'મૈત્રી' 'માનસિક ધૈર્ય', 'પોતાના વિચારોનું નિયંત્રણ', 'પોતાની નૈસર્ગિક શક્તિઓનો બરાબર ઉપયોગ' વગેરે વિષયો પરના અંગ્રેજી સાહિત્યમાંથી ચૂંટેલા ફકરાઓ ઉમેરો. ...અને, આથમતા સૂરજ તળે, ગોઠણડૂબ બરફ ખૂંદતાં, ફાટ્યાંતૂટ્યાં લૂગડાંમાં ઘેર પાછાં ફરતાં એ બાળકોએ લાકડાનાં ભારવટિયાંની બનાવેલી નાનકડી ઝૂંપડીમાં, બળતી તાપણી પાસે બેસી શું શું મેળવ્યું છે તેનો તમને ખ્યાલ આવશે.'

મૅન્ટર ગ્રેહામની શાળા આવી હતી. અબ્રાહમ લિંકન વ્યાકરણમાં સૌથી મોખરે હતો. પાઠ્ય પુસ્તકો તો એ કાળે બહુ જૂજ હતાં, એટલે વ્યાકરણનું તેમનું શિક્ષણ તો ગણિત, લેખન, શબ્દશિક્ષણ, સાહિત્યપ્રવેશ આદિની સાથોસાથ જ ગ્રેહામ સતત ચાલુ રાખતો. વ્યાકરણશુદ્ધિ માટેના તેના આગ્રહને પરિણામે જ લિંકનની અનોખી ભાષાશૈલી ઘડાઈ હતી, જે અંગ્રેજી સાહિત્યમાં અત્યંત સાદી છતાં ગૌરવભરી શૈલી તરીકે વખણાઇ છે. રાજકારણ ને ધર્મમાં ઉદારમતવાદી એ ગુરુના શિક્ષાપ્રભાવે જ લિંકનની જીવનફિલસૂફી ઘડી હતી. મજબૂત પાયાનું ચણતર કરી અજાણ્યાઅજાણ્યા વિલય પામી ગએલા ઉન્નત ચારિત્ર્યના ઘડવૈયાઓમાંના એ એક હતા—મૅન્ટર ગ્રેહામ અને તેમની પેલી શાળા!

જાંબુ

જાંબુ બે જાતનાં થાય છે: નાનાં ને મોટાં. સ્વાદની ને સ્વરૂપની દૃષ્ટિએ મોટાં જાંબુ સારાં છે, પણ ગુણમાં તો નાનાં જાંબુ વધુ સારાં. આયુર્વેદની દૃષ્ટિએ જાંબુ રુચિકર, મધુર, સ્તંભક, ભારે ને દોષશામક છે. વિજ્ઞાન અને અનુભવે સિદ્ધ થયું છે કે જાંબુ મધુપ્રમેહ, પથરી, લિવર, બરોલ અને લોહીની અશુદ્ધિનો નાશ કરે છે. પેશાબની શુદ્ધિ કરે છે અને ખોરાકની સાથે દાખલ થએલી, હોજરી, આંતરડાં, મૂત્રાશય અને અન્ય સ્થાનમાં જમા થએલી માટી, કાંકરી, તથા પથરીના પરમાણુઓને ગાળીને શરીર બહાર ધકેલે છે. મધુમેહી દરદી માટે જાંબુ અપૂર્વ ઔષધ છે. જાંબુનો રસ શરીરમાં સીધી મૂત્રાશય પર અસર કરે છે ને પહેલી તકે મૂત્રશુદ્ધિકરણની ક્રિયા શરૂ કરી દે છે. તે શરીરમાંથી બહાર નીકળી જતી સાકરને અટકાવે છે તેમજ શરીરમાં રહેલી વધુપડતી સાકરને પોતાના રસ સાથે સંમિલિત કરીને—એનું રૂપાંતર કરીને—શરીરના પોષણના કામે લગાડે છે. એની સાથે પોતાના સ્તંભક ગુણને લઇને વધુપડતી પેશાબની હાજતને અંકુશમાં લઇને પેશાબનું પ્રમાણ ઘટાડે છે. વળી જાંબુના ફળ ઉપરાંત એના ઠળિયામાં મધુમેહને મટાડવાનો કોઈ અજબ ચમત્કારિક ગુણ છે. એનું મરાઠી નામ જાંભૂળ, હિંદી—જામૂન, બંગાળી—કાલા જામ લાટીન—યુજેનિયા જાંબોલેના અને સંસ્કૃત—ફલેન્દ્રા, નંદી, રાજજંબુ, મહાફલા, નીલફલા, સુરભિપત્રા, મહાજંબુ, શ્યામલા, મહારકન્ધા, રાજફલા, શુકપ્રિયા અને મેઘમોદિની એવાં નામ છે. આ નામો તેના રંગરૂપ-રથી પડયાં હોય તેમ જણાય છે. 'શ્યામલા' ને 'નીલફલા' તે કાળાં હોવાથી પડયાં છે. સુરભિપત્ર એટલે ગાયના કાન જેવા આકારનાં પાન જેને છે તેવું વૃક્ષ. મેઘમોદિની નામ વરસાદ પડે તેમ જેને આનંદ થાય છે ને તે મીઠું થાય છે તેથી પડયું છે. શુકપ્રિયા એ પોપટને ખાટાં ફળ પ્રિય હોવાથી પડયું છે. મોટાં જાંબુ ને રાજજાંબુ, મહાજંબુ અને મહાફળા કહે છે; નાનાં જાંબુને કાકુજંબ, કાકફલા, નાદેયી વગેરે કહે છે.

જાંબુનું ઝાડ ઘણું ઊંચું થાય છે. એનાં પાંદડાં બોરસલીનાં પાંદડાં જેવાં હોય છે. લાકડું ચીકણું હોય છે ને પાણીમાં કહોવાતું નથી.

જાંબુડાના ઝાડની છાલ, પાન, ડાળાં, લાકડું, ફળ અને ફળમાં રહેલાં બી સુદ્ધાંનો ઉપયોગ ઔષધ તરીકે થાય છે.

જાંબુમાં રહેલાં ઍસિડનાં તત્ત્વો મૂત્રાશયમાં જમા થએલી પથરી (અશ્મરી)ને ગાળી નાખે છે અને છેદન-ભેદન ક્રિયા શરૂ કરી, એનાં રજકણોને ધીમેધીમે બારીક બનાવીને પેશાબ વાટે શરીરની બહાર ધકેલે છે. પથરીનું પ્રમાણ બહુ મોટું અથવા લાંબા વખતનું નથી હોતું તો એકાદ મહિનાની જાંબુની મોસમમાં હંમેશના જાંબુના સેવનથી તે જરૂર નાબૂદ થઇ જાય છે.

લીવર અને બરોલ આ બે શરીરના બહુ જ અગત્યના અવયવો છે. ઘણી વાર મેલેરિયા જેવા વ્યાધિના હુમલાથી આ બંને અવયવો દૂષિત થઈ પોતાનાં રૂપ અને કદમાં વૃદ્ધિ પામે છે. એને માટે પાશ્ચાત્ય શોધકો 'લિવર એક્સ્ટ્રૅક્ટ' જેવા અત્યંત મોંઘા અને વિજાતીય દ્રવ્યો ઈન્જેક્શન દ્વારા શરીરમાં દાખલ કરે છે. તેને બદલે સસ્તા, સ્વાદિષ્ટ ને અપૂર્વ ગુણશાળી જાંબુનો ઉપયોગ ઉચિત થશે.

આપણા ખોરાકમાં વપરાતા આટાઓ પીસવામાં પથ્થરની ઘંટીનો ઉપયોગ થાય છે. એ આટાના અંશેઅંશનું સૂક્ષ્મ નિરીક્ષણ કરવામાં આવે તો પથ્થરના અમુક ટકા આપણા શરીરમાં ગએલા જણાશે જ. વળી એ સિવાય પણ ખાદ્ય પદાર્થની સાથે માટી, ધૂળ વગેરે સેળભેળ પામી હમેશાં સૂક્ષ્મ પ્રમાણમાં શરીરમાં જાય છે જ, અને કુદરતીરીતે શરીરરૂપી મશીનમાંથી અમુક અંશે બહાર નીકળી જાય છે; છતાં અમુક ટકા અંતરાવયવોમાં ભરાઇ પણ રહે છે ને રક્તવાહિનીઓમાં અંતરાયરૂપે દાખલ થાય છે. જાંબુનો રસ આવા પદાર્થોને ઝપાટાબંધ બહાર કાઢી નાખવામાં ઝાડુ સરખું કામ કરે છે. નાના

બાળકને દાંત આવવાની શરૂઆતમાં મા-બાપની બેદરકારીથી માટી ખાવાની બૂરી આદત પડે છે. જે બાળકને આવી ટેવ પડી હોય અથવા ટેવ મટવા છતાં પણ પેટ મોટું રહી ગયું હોય, બાળકમાં નવું લોહી ન ભરાતું હોય. એને ભાવે એટલાં પાકેલાં જાંબુને જરા મીઠાવાળાં કરીને ખવડાવે અને મોસમ ચાલુ રહે ત્યાં સુધી નિયમિત આપ્યા કરે તો તાત્કાલિક ફાયદો થશે. આશ્ચર્ય તો એ છે કે જાંબુ ખાનાર બાળક પોતાની મેળે જ માટી ખાવાની આદત ભૂલી જાય છે અને એની મૃત્તિકા-ભક્ષણની રુચિ શમી જાય છે.

જાંબુ ખાધા પછી કાળાશપડતો જાંબલી રંગ આખી જીભ પર લાગી ગએલો જણાશે. મોઢામાં થૂંકને ઉત્પન્ન કરનારી ગ્રંથીઓ જે તમતમા, વિદાહી અને ગરમાગરમ પદાર્થો ખાવાની હમેશની આદતથી નિર્બળ થએલી ને દાઝી રહેલી હોય છે તે પર જાંબુની આ કાલિમા આચ્છાદિત થઇ, અગ્નિથી દાઝેલા ઉપર ઠંડા ઔષધના પોતાં જેવું કામ કરે છે. તે ઠંડક આપે છે, રૂઝવે છે, ઉશ્કેરાટને ઓછો કરે છે, દાંતના પારાઓમાં ઊંડેઊંડે પેસી જઇને પાયોરિયાના કીટાણુઓનો ત્વરિત નાશ કરે છે, દાંત ઉપર લાગેલા દૂષિત પદાર્થોને ઉખેડી નાખે છે, દુર્ગંધ ઉત્પાદક પદાર્થને હાંકી કાઢે છે, જીભ ઉપરના મેલને-ચિકાશને ખેંચી જીભને નિર્મળ બનાવે છે,ગળાના ચોરિયા ગરમીના હોય તો એને પણ બેસારે છે અને કંઠને નિર્મળ કરીને આઘાતોથી બચાવી લે છે.

જાંબુના ફળનો રસ કાઢી તેને કપડામાં ઘસી ખાંડ નાખી શરબત બનાવાય છે. તે રક્તાતિસાર, સંગ્રહણી, મૂત્રનો દાહ, પ્રમેહ આદિ રોગનો તથા માથાની ઊંદરીનો નાશ કરે છે. જૂના લોહીના દ્રવતા અર્શ અને લોહીવાળી સંગ્રહણીમાં એનો બહુ જ સારો ઉપયોગ થાય છે મોં ને નાકમાંથી લોહી પડે તો આ શરબતનું સેવન કરવાથી મટે છે.

આ રીતે જાંબુનો અવલેહ પણ બનાવવામાં આવે છે. એથી ક્ષય, આંતરડાંના રોગોમાં સારો ફાયદો થાય છે. જાંબુમાંથી જે સરકો બનાવાય છે તે અત્યંત પાચક અને અજીર્ણ, પેટનું શૂળ, આફરો આદિ રોગને દૂર કરે છે.

વિજ્ઞાનશાસ્ત્રીઓ તેમાં રહેલાં તત્ત્વો નીચે મુજબ જણાવે છે: પાણી ૭૮.૨ ટકા; પ્રોટીન ૦.૭ ટકા; ચરબી ૦.૧ ટકો; ખનીજ ૦.૪ ટકા; રેષા ૦.૯ ટકા; કાર્બોહાઇડ્રેટ્સ ૧૯.૭; ચૂનો ૦.૦૨; ફૉસ્ફરસ ૦.૦૧; અને લોહ ૧.૦ ટકા; અને સો ગ્રામની કેલરીમાં કિંમત ૬૬ છે.

જાંબુનાં બીજને જાંબુ પાકવાની મોસમમાં સૂકવી રાખી મૂકવાં. તે કષાય, સંગ્રાહી, રક્તાવરોધક ને સંગ્રહણી, જૂનો અતિસાર આમાશય સંબંધી રોગ અને ખાસ કરી મધુમેહમાં અત્યંત લાભદાયી છે. જાંબુડાના પાનના કવાથથી વ્રણ ધોવાથી વ્રણ સાફ થાય છે તેમાં પાણી સ્વચ્છ કરવાનો ગુણ છે. સેવાળ થઈ હોય તો તેનાં ડાળાં તેમાં નાખવાથી સેવાળ મરી જઇ પાણી સ્વચ્છ થાય છે. જાંબુના વૃક્ષની છાલમાંથી ક્ષાર કાઢી ઔષધ તરીકે વપરાય છે. ધાર્મિક વિધિમાં વપરાતાં પંચપલ્લવમાં જાંબુના પાનનો સમાવેશ છે.

શરીરે સોજા આવ્યા હોય, રસકપૂર-સોમલ જેવી દેશી દવાઓ ચાલુ હોય, સુવાવડમાંથી ઊઠયાં હોય, અત્યંત ઉપવાસી હોય, વમન થવાનો વ્યાધિ હોય, એવાઓએ જાંબુ ન ખાવાં.

('ગુજરાત સમાચાર' તથા 'ચિત્રમય જગત' ઉપરથી તારવીને.)

સલ્ફા ઔષધિઓ

રોગજનક જંતુઓથી માનવદેહમાં જીવલેણ દરદો પેદા થાય છે એવું પાસ્તરની શોધખોળથી પુરવાર થયા પછી યુરોપીય વૈદકશાસ્ત્રમાં એવાં દર્દોના નિવારણ અર્થે ઘણી જંતુનાશક દવાઓ શોધાઈ છે. પણ આ દવાઓ જીવાણુઓનો નાશ કરવા કરતાં વધારે નુકસાન માણસના દેહના કોષસમૂહો (Tissues)ને કરતી હોવાથી દરદ મટાડનાર તરીકે તેમની ઉપયોગિતા ને વપરાશની સલામતી બહુ મર્યાદિત બની ગયાં છે

આથી, દેહના કોષોને નુકસાનકારક ન નીવડતાં માત્ર જીવાણુઓનો જ નાશ કરે એવી દવાઓની શોધ પાછળ અખતરાઓ થયા કરતા હતા. આવા દ્રવ્યની શોધ તો છેક ૧૯૦૮માં થઇ ચૂકી હતી, પણ તેને દવાના સ્વરૂપે ૧૯૩૫માં જર્મનીના પ્રો૦ જી. ડોમાકે (Domake) જગત સમક્ષ ધરી. આ દવાનું નામ સલ્ફોનેમાઈડ. મૂળ રંગોપચાર (Chemo Therapy)ની આ ઔષધિએ હમણાંહમણાં જંતુઓથી થતાં કેટલાંક અસાધ્ય દરદો ઉપર અજબ પ્રભુત્વ મેળવ્યું છે અને ચાલુ સદીની મહૌષધિ તરીકે તેની ગણના થઇ ચૂકી છે.

સલ્ફોનેમાઇડ જંતુનાશક તરીકે નહિ પણ જંતુવિકાસરોધક તરીકે કામ કરે છે. જીવાણુઓ માણસના દેહમાં રોગ ઉત્પન્ન કરતાં-કરતાં ભોજન અને પ્રજનનનાં કાર્યો પણ ચાલુ જ રાખતાં હોય છે. જો એ જીવાણુઓને ભૂખે મારવામાં આવે તો રોગદશા નિવારવાનું કાર્ય મોટા ભાગે સફળ નીવડે. આ વિચારણા ઉપર વૈજ્ઞાનિકો એવા કોઈક દ્રવ્યની શોધમાં પડ્યા હતા કે જેને જીવાણુઓ ખાવા છતાં ભૂખે મરે. સલ્ફોનેમ ઈડ આવી કંઇક દવા છે. જીવાણુઓને તે બહુ ભાવે છે, એટલે તેઓ પોતાનો સ્વાભાવિક ખોરાક ખાવો છોડી દઈ તેને ખાવા મંડી પડે છે. પણ આ કૃત્રિમ ખોરાક તેમને બીલકુલ પોષણદાતા નથી થઈ પડતો, અને આ રીતે સલ્ફોનેમાઇડ જંતુઓના વિકાસને સફળરીતે રોકે છે. તદુપરાંત આ ઔષધિની ખાસ વિશિષ્ટતા માનવદેહને ઝેરી નીવડ્યા વગર કાર્ય કરવાની છે. પણ તેના વપરાશમાં ગફલત રાખવાથી કે દરદીની સહનશક્તિ ખ્યાલમાં રાખ્યા વિના આપવાથી તે કેટલાંક અનિષ્ટ પરિણામો (જેવાં કે માથું દુખવું, ઉબકા ઉલટી અને ઝાડા થવાં, તાવ આવવો, પેશાબ બંધ થઇ જવો કે તેમાં લોહી આવવું વગેરે) ઉપજાવે છે.

સલ્ફોનેમાઇડ તો મૂળ ઔષધનું નામ છે. આજે દવા તરીકે જે લેવાય છે તે બનાવટનું નામ સલ્ફેનીલીમાઈડ. એના ઉપર અખતરાઓ થઇને જુદાજુદા જંતુઓથી પેદા થતાં નોખાંનોખાં દર્દો પર અચૂક અસરકારક નીવડે એવી વિવિધ દવાઓ બનાવાઇ છે. દા. ત. સલ્ફેપાયરીટીન, સલ્ફાથીઆઝોલ, સલ્ફગાયનેડાઈન, સલ્ફમેઝેરાઇન, સલ્ફેક્ટેમાઈડ વગેરે. આ સર્વ ઔષધિઓ કાં તો જીવાણુઓનો વિકાસ રોધી, તેમનું ઝેર નિર્મૂળ કરી, તેમનો નાશ કરીને, કે કાં તો દેહની રક્ષણશક્તિને પુષ્ટ કરી, જીવાણુઓથી ઉપજતાં દરદોના નિવારણનું કાર્ય અચૂક કરતી હોય છે. આ સલ્ફા ઔષધિઓ કંઇ સર્વરોગનિવારક દવાઓ નથી, પણ મુખ્યત્વે ન્યૂમોનિયા, મેનિનજાઇટિસ, પ્રમેહ, સુવાવડનો તાવ, પેશાબનાં કેટલાંક દર્દો, જખ્મો કે પરૂ થતા રોગો અને ગુમડાં વગેરે ઉપર તે અસરકારક નીવડે છે.

આ ઔષધિઓના ઉપયોગમાં ખૂબ કાળજી રાખવી જરૂરી છે. તે પૂરતા પ્રમાણમાં (જાણવાની જરૂર છે કે તે મોટા ડોઝમાં લેવી પડે છે) દર અને ચાર કલાકે લેવાવી જોઇએ. તેમજ શરીરમાંની તેની અસર નાબૂદ કરવા પુષ્કળ પ્રમાણમાં પાણી પીવાવું જોઇએ. દવાની થોડી માત્રા કશો ગુણ તો નથી આપતી પણ તેને ખાઈ જીવાણુઓ એવાં સહિષ્ણુ બની જાય છે કે પછી દર્દનિવારણ અર્થે તેની મોટી માત્રાઓ આપવામાં આવતાં પણ તે ગુણકારી નથી નીવડતી.

જંતુઓથી થતાં કેટલાંક દર્દો ઉપર આ દવાઓએ એટલું બધુ પ્રભુત્વ મેળવ્યું છે કે તે જનતામાં ખૂબ જાણીતી થઈ પડી છે. આથી

લોકો ગમે તે દર્દો માટે તેને ખરીદી લાવી આપમેળે વાપરવા મંડી પડે છે. પણ આ દવાઓ કંઈ 'હજાર દરદોની એક દવા' જેવી સાધારણ કે ફાલતુ બજારૂ દવાઓ નથી. એટલે આ દવાઓને દાક્તરી સૂચના વગર વાપરવી એ દરદને નાબૂદ કરવા જતાં બીજા ઉગ્ર વ્યાધિઓને વહોરવા જવા જેવું છે. —શિવપ્રસાદ ત્રિવેદી

માકણના ઉપદ્રવનો ઉપાય

માકણના ત્રાસથી સૌકોઈ જાણકાર છે. સુઘડતા, સાફસુફ અને કાળજીના અભાવે એ પેદા થાય છે. કોઈ વાર પડોશીના ઘરની કે બહારગામથી આવેલાં બિસ્તરા-પોટલાંની પણ એ ભેટ હોય છે. અને એક વાર પેઠ્યા એટલે પછી એને કાઢવા મુશ્કેલ પડે છે. એકનો નાશ કરીએ ત્યાં અનેક ઉત્પન્ન થાય છે. એનો વંશવેલો ખૂટતો નથી. એની આ અખૂટ ઉત્પત્તિનું કારણ એનાં ઇંડાં છે. ખાટલા-ગોદડાં તડકે નાખવાં, કેરોસીન સીંચવું વગેરે ઉપરઉપરની સાફસૂફીથી નહિ પણ ઉપરકરોના ઝીણી તિરાડો અને ભીંતની બારીક ચીરાડો સુદ્ધાંમાંથી એનાં ઇંડાંનો આમૂલ નાશ કરવાથી જ એનાથી મુક્ત થઈ શકાય. તેને માટે નીચેના ઉપાયો અજમાવવા જેવા છે. એક શેર કોપરેલમાં અધોળ મીણ નાખીને ગરમ કરી, બંને એકરસ થયા પછી ચૂલા પરથી નીચે ઉતારી, સહેજ ઠરવા દઇને તેમાં નવટાંક ટર્પેન્ટાઈન મેળવવું. આ દ્રાવણ ખાટલા, ખુરશીઓ, બારણાં, બારસાખ, કબાટ, ટેબલ આદિ જે જે ફર્નિચરની તિરાડોમાં માકણ હોય તેમાં સીંચવું. મીણની ચિકાશને લીધે ઇંડાં તેમાં ચોંટી જશે, ટર્પેન્ટાઇન તેનો નાશ કરશે અને તે સુકાઇને તેની ફોતરીઓ નીકળી આવશે.

ભીંતો માટે સાબુના પાણીમાં ચૂનાનું પાણી મેળવી એ ઘટ્ટ રગડા વડે ભીંતની ચીરાડો વગેરે સારી પેઠે સીંચવી તથા ખાડા વગેરે ધોળી નાખવા. આ દ્રાવણ પણ ઉપર મુજબ ઇંડાંને પકડી, નાશ કરી ફોતરી રૂપે જ ઊખડશે. આ બંને ઉપાયો છ માસ જેટલી તો તમને નિરાંત કરી આપશે. પછીનું આક્રમણ તો તમારી સુઘડતા ઉપર આધાર રાખે છે.

સ્વ. છોટાલાલ માકડ

પોતાની વ્યાયામસિદ્ધિ અને સાહસોત્સાહ વડે આજથી બે દાયકા પર 'વીર માકડ'ના નામથી કાઠિયાવાડની જુવાનીને ગૌરવાન્વિત કરનાર, અને ત્યાર પછી શિક્ષણશાસ્ત્રમાં ઇંગ્લેંડની ઊંચી ડિગ્રી મેળવી આવી પોરબંદર રાજ્યના વિદ્યા-અધિકારીપદેથી એ પ્રદેશની ઊગતી પ્રજામાં, ઉન્નતગામી વિદ્યાનાં જ નહિ પણ અનેકવિધ પ્રવૃત્તિક્ષેત્રો દ્વારા ઉચ્ચ સંસ્કાર-ઘડતરનાં અમી સીંચનાર શ્રી છોટાલાલ લક્ષ્મીશંકર માકડનું ગઈ ૩૦મી તારીખે રાજકોટમાં અવસાન થયું. 'કુમાર'ના મિત્રમંડળમાંના એઓ એક હતા; અને 'સ્કિપિંગ' (દોરી કૂદવા)ના વ્યાયામમાં જગતભરના રેકોર્ડમાં ત્રીજા આવનાર તરીકે ૯૩મા અંકમાં અપાએલા એમના પરિચયથી 'કુમાર'ના જૂના વાચકો તો જ્ઞાત પણ હશે. આપણી ઊગતી જુવાનીને માટે અનેક મનોરથો બાંધીને તેને મહોરાવવાનો જે સંગીન ને એકધારો પ્રયાસ એમણે કાઠિયાવાડના એક ખૂણામાં પુરાઈ રહીને છેલ્લાં પંદર વર્ષથી કર્યો છે તેના અમે સાક્ષી છીએ. આવતી કાલની પ્રજાના વિકાસમાં અપાતા તેમના એ અદૃષ્ટ અર્પણને અધૂરું મૂકીને ગએલા ગુજરાતની જુવાનીના પુરસ્કર્તા એ મિત્રના આત્માને અમે દુઃખમય હૃદયે શાન્તિની અંજલિ આપીએ છીએ.

આ માસ (જુલાઇ) ઈતિહાસમાં

તા. ૪ ૧૮૫૭ના બળવા વખતે અવધના ચીફ કમિશ્નર સર હેન્રી લૉરેન્સનું લખનૌમાં અવસાન, ૧૮૫૭.

તા. ૫ સીંગાપોરના સ્થાપક સર સ્ટૅન્ફર્ડ રૅફ્લસનો જન્મ ૧૭૮૧. અને ૧૮૨૬માં એ જ તારીખે મરણ!

તા. ૭ વૉરન હેસ્ટિંગ્સે કાશી પર ચડાઇ કરી ત્યાંના રાજા ચૈતસિંહને કેદ કર્યા, ૧૭૮૧.

તા. ૯ હિંદીઓને જ્યૂરીમાં બેસવાનો હક્ક મળ્યો, ૧૮૨૭

તા. ૧૧ જાણીતા અંગ્રેજ નવલકાર થૅકરેનો કલકત્તામાં જન્મ, ૧૮૧૦

તા. ૧૨ અમેરિકન નિસર્ગશાસ્ત્રી અને લેખક થૉરોનો જન્મ, ૧૮૧૭

તા. ૧૫ દક્ષિણ આફ્રિકામાં કેપ કૉલોનીથી નાતાલને જુદું પાડી સ્વતંત્ર સંસ્થાન બનાવવામાં આવ્યું, ૧૮૫૬.

તા. ૧૯ કાશ્મીરના મહારાજાએ ગિલગિતની વઝારત અંગ્રેજોને સોંપી દીધી, ૧૮૩૫.

તા. ૨૦ મહારાષ્ટ્રના પ્રખર ગદ્યકાર, ચિંતક ને સાહિત્યકાર વામન મલ્હાર જોષીનું અવસાન, ૧૯૪૩.

તા. ૨૩ દેશબંધુ દાસના અવસાન બાદ રાષ્ટ્રીય લડતને આગળ ધપાવનાર દેશપ્રિય જતીન્દ્રમોહન સેનગુપ્તનું અવસાન, ૧૯૩૩.

તા. ૨૫ પહેલા સમાજસુધારક કરસનદાસ મૂળજીનો જન્મ, ૧૮૩૨.

તા. ૨૯ પહેલું ગુજરાતી દૈનિક 'સમાચાર દર્પણ' શરૂ થયું, ૧૮૪૯.

તા. ૩૧ સ્વ. રૉબર્ટ બેડન-પૉવેલે પહેલવહેલી બૉયસ્કાઉટ પદ્ધતિ અમલમાં મૂકી, ૧૯૦૮.

આ માસની વ્યક્તિવિશેષ



સાઈમન બોલીવાર

દક્ષિણ અમેરિકાના સ્વાતંત્ર્યદાતા આ પુરુષવરનો જન્મ વેનેઝુએલાના કારાકાસ ગામમાં એક સમૃદ્ધ જમીનદારને ત્યાં ૧૭૮૩ના જુલાઈની ૨૪મીએ થએલો. નાનપણથી જ માતાપિતા ગુમાવી બેઠેલા સાઇમનના વાલી કાકાએ અભ્યાસ માટે તેને સ્પેન મોકલ્યો, જ્યાં ૧૮૦૧માં લગ્ન કરી એ સ્વદેશ આવ્યો. પણ ૧૮૦૪માં પત્નીનું અવસાન થતાં ફરી એ યુરોપ ગયો અને સ્વદેશને સ્વાધીન બનાવવાના સંકલ્પ સાથે જ તે પાછો ફર્યો.

૧૮૧૦માં સ્પેનની સત્તા સામે થવાનો પ્રયત્ન કરનાર વેનેઝુએલાના બળવાની સરદારી લઇ ૧૮૧૧માં બોલીવારે તેને સ્વાતંત્ર્ય અપાવ્યું, અને પછી બીજા પ્રાંતોની મુક્તિ માટે ઇંગ્લંડની મદદ મેળવવામાં નિષ્ફળ જતાં મુઠ્ઠીભર માણસો લઇ તેણે સ્પેનનો સામનો કર્યો. બસોથી યે વધુ લોહિયાળ જંગ ખેલી દ૦ અમેરિકામાંથી સ્પૅનિશ સત્તાને ઉખેડનાર પોલાદી બદનના સેનાપતિ હોવા ઉપરાંત, ત્યાંનાં મુક્ત રાજ્યોનું એક મહાન પ્રજાસત્તાક નિર્માણ કરવાનું સ્વપ્ન ને સિદ્ધિ બતાવી જનાર રાષ્ટ્રવિધાયકની પ્રતિભા પણ તેને વરી હતી.

પણ એ તેજસ્વી જીવનનો અંત કરુણ આવ્યો. લાટિન અમેરિકાના સ્વાતંત્ર્યને અરધી સદી સુધી ખરાબે ચડાવનાર આંતરવિગ્રહ ત્યાં શરૂ થયો, અને એમાં દેશભાઇઓ સામે હથિયાર ઉપાડવા કરતાં નિવૃત્ત થવાનું પસંદ કરી ૧૮૩૦માં એ યુરોપ જવા નીકળ્યો; પણ પૈસાને અભાવે રોકાઈ જવું પડયું અને ટૂંક વખતમાં જ—એ વર્ષની ૧૭મી ડિસેમ્બરે સાન પેડ્રો ખાતે ૪૭ વર્ષની વયે એનું અવસાન થયું. માત્ર ૪૭ વર્ષની અવધમાં આયુષ્યને ગૌરવશીલ પરાક્રમોથી ભરી દેનાર એ તારણહારનું નામ દક્ષિણ અમેરિકામાં વિશાળતામાં ત્રીજું સ્થાન ધરાવતા 'બોલીવિયા' દેશના નામમાં ચિરાંકિત છે.

ડુબવું ભલું ભાર તાણતાં,
ન ભલાં તારણ માત્ર ગાત્રનાં.

બ. ક. ઠાકોર

'રાત્રે એકની ગાડીમાં અમે આગ્રાથી દિલ્હી જવા ઊપડ્યા. મે મહીનાનો દહાડો, એટલે ગરમીનું તો પૂછવું જ શું ? ગાંધીજી સૂતા હતા ને હું પંખો નાખતો હતો. એથી એમને ઊંઘ આવતી હતી એમ નહિ, પણ મને સેવાનો સંતોષ મળતો હતો. એમ કરતાં મારી આંખ મળી ગઈ ને પંખો ક્યારે હાથમાંથી પડી ગયો તેની ખબર ન રહી. પણ વચ્ચે આંખ ઊઘડી ગઇ તો જોયું કે ગાંધીજી મને પંખો નાખતા હતા ! આપણે સેવક બનવાનો ગમે તેટલો દાવો કરીએ, પણ આદર્શ સેવક હોવાનો તેમનો દાવો કોણ ખૂંચવી શકે એમ છે ?' (મહાદેવ દેસાઈ)

કહેવતો કેમ પડી : 'હે દાળમાં પાણી'–મુશ્કેલીના સમયમાં ખરી વસ્તુ સાથે ખોટી વસ્તુ ભેળવી દઇ ખરા તરીકે ચલાવીને પ્રસંગ સાચવી લેવાની યુક્તિ દર્શાવવા માટે વપરાતી આ કહેવત માટે વાત છે કે એક ભગતે ત્રણ જણના એક સાધુ કુટુંબને જમવા નોતર્યું, પણ તેમણે આવીને ભગતને ઘેર ભજન ગાવા માંડ્યાં તે સાંભળી બીજા સાધુ તેમાં આવીને ભળ્યા ને સંખ્યા તેરની થઈ ગઇ ! આંગણે આવેલા સાધુને જમાડ્યા વિના પાછા કઢાય નહિ, ને ગરીબ ભગતના ઘરમાં દાળ ફક્ત ત્રણ જ અતિથિ પૂરતી હતી, તેથી ભગતની સ્ત્રીએ એકાંતે ભગત આગળ આ મૂંઝવણ રજૂ કરતાં, તેમણે દાળમાં બાકીનું પાણી ઉમેરવાની સલાહ આપી. એ દાળ ખાતાં વસ્તુસ્થિતિ પામી ગએલા સાધુએ તે પરથી સાખી જોડી: 'ભગત કહે છે ભક્તાણીને, સાંભળ મારી વાણી, ત્રણ બોલાવ્યા ને તેર આવ્યા (તો) હે દાળમાં પાણી.

અનેકાર્થી શબ્દ: દંડ=હાથમાં ઝાલવાની લાકડી; સજા અથવા શિક્ષા; શિક્ષા તરીકે લેવાતું નાણું; કસરતનો એક પ્રકાર; ચાર હાથની લંબાઈ જેટલું માપ.


ગણિતગમ્મત

કોઈપણ પાસેપાસેની ચાર સંખ્યા લો. તેમાંની વચલી બેના ગુણાકારમાંથી પહેલી અને છેલ્લી સંખ્યાનો ગુણાકાર બાદ કરવાથી હમેશાં બે જ (૨) વધશે. દાખલા તરીકે—

૪,૫,૬,૭ આમાં (૫×૬)-(૪×૭)=૨

૫,૬,૭,૮ ,, (૬×૭)-(૫×૮)=૨

આમ ગમે તે રકમો સુધી (મ.ના.ખત્રી)



વીસ ઇંચ લાંબા અને નવ ઇંચ પહોળા અર્ધા ઇંચી પાટિયાના એક ટુકડામાંથી પાસેની આકૃતિમાં આલેખ્યા પ્રમાણેના પાંચ ટુકડા કાપી કાઢો. (કાળો ભાગ નકામો જશે.) પછી આકૃતિ અમાં બતાવ્યા મુજબ એક ઇંચ લાંબા સ્ક્રુથી જોડી દો. એટલે પરચુરણ કાગળો મૂકવાનું એક બૉક્સ તૈયાર બનશે.



(અંબુ રાવળ)

સાઈકલની નકામી થએલી ટ્યૂબ ક્રિકેટ બૅટ કે હૉકીસ્ટિકના હાથા ઉપર ચડાવવાથી ગ્રિપનું કામ આપશે.

આપણા વાળ સરેરાશ ૨૨ ઈંચ લાંબા વધી શકે. અપવાદ હોય તે જુદી વાત.


અંગ્રેજી શબ્દ cash (રોકડ) મૂળ દક્ષિણ હિંદના 'કાસુ' (ત્રાંબાનો સિક્કો) શબ્દ ઉપરથી અપભ્રંશ થએલો છે.

ન્યૂ દિલ્હીમાંના વાઈસરૉયનો મહેલ બાંધતાં આશરે પંદર વરસ લાગેલાં ને સાડા ચાર કરોડ રૂપિયા ખર્ચાએલા. બે માળના એ મકાનમાં ૩૪૦ ઓરડા, ૧૪ લિફ્ટો, ૨૭૭ થાંભલા, ૩૫ પરસાળો અને ૩૭ ફુવારા છે.


વિજ્ઞાનીઓ માને છે કે જો બંદુકમાંથી નીકળતી ગોળીનો વેગ વધારીને એક સેકંડે ૭ માઈલનો કરી શકાય તો ઊંચે આકાશ તરફ ફોડેલી એવી બંદુકની ગોળી પૃથ્વી પર પાછી ન આવતાં ગુરુત્વાકર્ષણની મર્યાદાની બહાર નીકળી જઇને આકાશમાં ચાલી જાય ! અને આવો વેગ સાધવો અશક્ય પણ નથી; કેમકે આજે ફોડવામાં આવતા ડાઇનેમાઈટના મોજાંનો વેગ એક સેકંડના પાંચ માઈલનો તો હોય છે જ.



સિકંદરની ચડાઇ પછી હિંદના સિક્કાઓ પર પરદેશી (ગ્રીક) રૂપની અસર પડી, જે વાયવ્યથી ઉત્તર, પશ્ચિમ ને મધ્ય હિંદ સુધીના સિક્કાઓ પર લગભગ આઠ સૈકાઓ લગી ભૂંસાતી ચાલી. આમ, પૂર્વ ને પશ્ચિમની સંસ્કૃતિનું પ્રથમ મિશ્રણ એ સિક્કાઓ પર થવાને કારણે તે બહુ અભ્યાસપાત્ર બન્યા. ઈ. સ. પૂર્વે ૩૨૬ના ઑક્ટોબરમાં સિકંદર પાછો ફર્યો તે કાળે પોતાના વિજયને અંકિત કરવા તેણે રૂપાના ચન્દ્રક પાડેલા, જેનું એક જ નંગ હજી સુધી હાથ લાગ્યું છે અને તે બ્રિટિશ મ્યૂઝિયમમાં છે. (જુઓ મથાળે) એ જ સમયે સોભૂતિ નામના હિંદુ રાજાએ ગ્રીક ઢબે પોતાના રૂપાના સિક્કા પડાવ્યા, એ આ મિશ્રણનું પહેલું પગરણ. તેમાં એક બાજુએ લશ્કરી ટોપ પહેરેલા રાજાનો ચહેરો અને



પાછળ કૂકડાનું ચિત્ર છે. કૂકડાની ઉપરના ભાગમાં ગ્રીક ઢબની છડી–રાજદંડ છે, અને જમણી બાજુ ગ્રીક લિપિમાં સોફુટ (સોભૂતિનું ગ્રીક રૂપ) લખેલું છે. આ રીતે, એક બાજુ રાજાનો ચહેરો અને બીજી બાજુએ કોઈ ચિહ્ન આલેખવાની પ્રથા ગ્રીક અસરનું પરિણામ મનાય છે. ઉલટ પક્ષે, ગ્રીકો પણ હિંદી ઢબ અપનાવી ચોરસ સિક્કા પાડતા, જેની એક બાજુ ગ્રીક ને બીજી બાજુ ખરોષ્ઠી કે બ્રાહ્મી લિપિમાં લખાણ આવતાં. પૅન્ટૅલીઑન રાજાનો એવો બે લિપિનો ત્રાંબાનો ચોરસ સિક્કો અહીં આપ્યો છે, જેમાં એક



બાજુ, ઊંડી ઉતારેલી છાપમાં કેશવાળી વિનાના સિંહનું ચિત્ર ને ઉપરની ગ્રીક લિપિમાં 'બૅસીલીઑસ પૅન્ટેલીઑન્ટૉસ' (પૅન્ટેલીઑનનો સિક્કો) એવું લખેલું છે, ને બીજી બાજુ હિંદી નર્તકીનું ચિત્ર તથા બાજુમાં બ્રાહ્મી લિપિમાં 'રાજાને પાતાલેવશ' લખેલું છે.



સ્વ. પ્રેસિડેન્ટ રૂઝવેલ્ટને અંજલિ રૂપે અમેરિકાએ ઉપર મુજબની ત્રણ ટિકિટો કાઢી છે. ત્રણેમાં તેમની છબિ તથા નીચે જન્મ-મરણનાં વર્ષો છે. ઉપરાંત ૧ સેન્ટની ટિકિટમાં હાઈડપાર્ક ખાતેનું તેમનું વંશ-પરંપરાગત મકાન, ૨ સેન્ટની ટિકિટમાં જ્યૉર્જિયા પ્રાંતમાંના વૉર્મ સ્પ્રિંગ્સ ખાતેના 'લિટલ વ્હાઇટ હાઉસ'નામના પક્ષાઘાત માટેના આરામગૃહનું મકાન તથા ૩ સેન્ટની ટિકિટમાં વૉશિંગ્ટન ખાતેનું સરકારી 'વ્હાઇટ હાઉસ' (જેમાં કોઈ પણ અમેરિકી પ્રમુખ કરતાં લાંબો ૧૨ વર્ષનો વસવાટ એમણે કર્યો હતો)નાં ચિત્રો અંકિત છે. (USOWI)



કૂવા પરની સૃષ્ટિ — કલાકાર • સ્યાવક્ષ ચાવડા